**સુવિચાર**

માતા બાળકને પારણા ઉપર જે સંસ્કારની છાપ લગાવે છે તે છાપ બાળકને છેક સ્મશાન સુધી ચાલે છે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૦૧/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ પોષ સુદ-૬ વર્ષ : ૧૫ અંક : ૦૩૦

## પોલીસ અધિક્ષકની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચ સહિતની જુદી-જુદી ટીમે મોતનું રહસ્ય ખોલ્યું

# લાલાવદરનાં કૂવામાંથી મળી આવેલ ત્રણેય મૃતદેહ એ હત્યાની ઘટના

**મૃતદેહનાં પોસ્ટમોર્ટમમાં ઘટના આત્મહત્યા કે અકસ્માતની નહી પણ હત્યાની હોવાની આશંકા થતાં પોલીસે તપાસ આદરી**

**ઝડપાયેલ ૩ આરોપી પૈકી બે એ એક એક અને અન્ય ત્રીજાએ ઓરડી બહાર ચોકી પહેરો ભર્યો હતો**

**નાસતા-ફરતા એક આરોપીએ પણ એક વ્યક્તિની હત્યા કરી હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું**

**નાસતા ફરતા આરોપીની દીકરીનાં મોત પાછળ મૃતક મહિલા જવાબદાર હોવાનું માનીને હત્યાને અંજામ આપ્યો**



અમરેલી, તા. ૧૫

અમરેલી તાલુકાના લાલાવદર ગામની સીમના કુંવામાંથી ગત તા. ૧૨ ના રોજ અલ્પેશભાઈ પાનસુરીયાના વાડીના કુવામાંથી મુકેશભાઈ અંતરીયાભાઈ દેવરખીયા, (ઉ.વ. ૧૮), તેમની પત્નિ ભુરીબેન દેવરખીયા, (ઉ.વ. ૧૮) તથા જાનુભાઈ અંતરીયાભાઈ દેવરખીયા, (ઉ.વ. ૮) રહે. હાલ લાલાવદર ગામની સીમમાં રહે. મુળ રીસવી (મધ્યપ્રદેશ) વાળાઓની શંકાસ્પદ લાશો પડેલ હોય. જે અંગે અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં કુવામાંથી લાશો બહાર કાઢી, શંકાસ્પદ મૃત્યુ અંગેની જાહેરાત પરથી અમરેલી રૂરલ પોલીસ (અનુસંધાન પાના ૬ ઉપર)

## પતંગ રસિયાઓની બેદરકારી વચ્ચે કુંકાવાવનાં શૈલેષભાઈ ભેસાણીયાનાં ગળાને ભાગે પતંગની દોરી વિંટળાઈ ગઈ

**૧૦૮ની ટીમે અમરેલી ખાતે ખસેડયા**

અમરેલી, તા. ૧૫

કુંકાવાવ ગામના ઘનશ્યામનગરમાં રહેતા શૈલેષભાઈ ઉકાભાઈ ભેસાણીયા (ઉ.વ. ૪૪) ગઈકાલે પોતાનાં ઘરે જઈ રહ્યાં હતાં ત્યારે અકસ્માતે ગાળાના ભાગે પતંગની દોરી વાગી ગયેલ હોય. તેમના કોઈ સંબંધીએ ૧૦૮ એમ્બ્યુલન્સનો સંપર્ક કરતાં કુંકાવાવ ૧૦૮ ના સ્ટાફ ઈએમટી



રાજુભાઈ બાંભણિયા અને પાયલોટ (અનુસંધાન પાના ૬ ઉપર)

## મિલ્કત સંબધી ગુન્હાઓ કરતાં હોવાથી અમરેલી જિલ્લાનાં વધુ બે ઈસમોની ''પાસા'' હેઠળ અટકાયત

**ડીએમનાં વોરંટનાં આધારે પોલીસની કાર્યવાહી**

અમરેલી, તા. ૧૫

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જિલ્લામાં ચોરી, લુંટ સહિતના મિલ્કત-સબંધી ગુન્હાઓ કરવાની ટેવવાળા ઈસમો, કે જે નાગરિકોની માલ-મિલ્કતની ચોરી કરતા હોય. આવા મિલ્કત સબંધી (અનુસંધાન પાના ૬ ઉપર)



# નોટિસ

## (જાહેર કમ વ્યકિતગત લીગલ નોટિસ)

આથી તમો (૧) સુનિલ દિલીપભાઈ તન્ના રહે. લીલીયા, કાયમી સરનામુ - જી-૫૦૨, સનસાઈન પેલેસની સામે વિશ્વકર્મા નગર, વંથલી રોડ, જુનાગઢ તેમજ (૨) ઠકકર રાજેશભાઈ રણછોડભાઈ રહે. લીલીયા. કાયમી સરનામુ - ૫૦૨, રુદ્ર પેલેસ, શાકમાર્કેટ પાસે, વાંઝાવાડ, જુનાગઢવાળાને આ લીગલ નોટિસ વિગતથી અમારા અસીલ ચિતુરી શ્રીનિવાસ બાબુરાવ રહે. ખમ્મમ, તેલંગાળા વાળાની મળેલ સુચના અને ફરમાઈશ અનુસાર અમો, રફીક આર. મોગલ-એડવોકેટ, રહે. અમરેલી વાળા આ લીગલ નોટિસ વિગતથી નોટિસ કમ તાકીદ કરી જણાવીએ છીએ કે,

અમારા અસીલ ઉપરોકત સરનામા ઉપર રહી **રાજા રાજેશ્વરી સ્પાસીસ** નામની ફર્મથી વેપાર-ધંધા મુજબ ખેતી ઉત્પાદિત ચીજવસ્તુ જણસ ખરીદ કરીને વેચાણ વ્યવસાય કરીને માલ પુરો પાડવાનું કામ મોટા પાયે કરી રહયા છે અને તેઓ GSTIN / UIN / 36AEOFS5927C1ZR નંબરનો પરવાનો ધરાવે છે.

અમારા અસીલને પોતાની માલ વેચાણ માટે વચેટીયા કે છૂટક દલાલ તરીકે અલગ-અલગ વ્યકિતથી વ્યવહાર હોય તે મુજબ અમારા અસીલના દલાલ તરીકે **મોહયુદ્દીન સરદાર, ડોડાઈચા, જી. ધોલે (મહારાષ્ટ્ર)** મારફત વેચાણ વ્યવસાય વ્યવસ્થા કરે છે.

આ મુજબ ઉપરોકત તમો બંને વ્યકિત સંયુકત રીતે તેમજ સાઈલેન્ટ પાર્ટનર તરીકે **રમેશભાઈ રાજાભાઈ રાઠોડ રહે. લીલીયા. કાયમી સરનામુ - મુ. ચિત્રા, જી. ભાવનગર, ઓમ પાર્ટી સામે મો.નં. ૯૪૨૯૬ ૪૧૬૧૦** વાળા દ્વારા આશરે ત્રણ માસ પહેલા લીલીયા તાલુકાના બોડીયા ગામની **સર્વે નંબર ૯૧ પૈકી ૫ પૈકી ૨** વાળી જમીનના **ક્ષેત્રફળ ૪૮૫૬** ચો.મી. વાળી જમીન બાંધકામ, જીનીંગ ફેકટરી, ગોડાઉન ઓરડી, સંડાસ બ્લોક, ફેકટરી કે જે ફેકટરીના માલિકો **રામ કોટન**થી સંચાલિત **રામકુભાઈ ભેડા, રહે. પીપળવા** વિગેરે ૭ (સાત) પાસેથી વેચાણ રાખેલ જીનીંગ ફેકટરી કે જે શ્રીજી કોટેકસ થી તમો ખરીદ કરી ચલાવો છો. ખરીદ કરેલ જીનીંગ હાલે ધારણ કરો છો અને શ્રીજી કોટોકસના GST વિગતે GSTIN / UIN / 24AAPFR5082A1ZA થી ધારણ કરેલ છે.

આ વિગતોથી તમોને સદરહું જીનીંગ ચલાવવા જરૂરી માલ કપાસ જરૂર મુજબ અમારા અસીલના વચેટિયા દલાલ મોહયુદ્દીનભાઈના નંબર મેળવી અમારા અસીલ સાથે તમામ જરૂરી માલ કપાસ પુરો પાડવા સંબંધે તમો અને અમારા અસીલ વચ્ચે વચન વિશ્વાસ સમજૂતી અને શરતો નકકી થયા મુજબ અમારા અસીલ દ્વારા આપના ઓર્ડર મુજબ **તા. ૯/૧૨/૨૦૨૩ થી તા. ૧૭/૧૨/૨૦૨૩** સુધીમાં બીલ, વાઉચર કે ઈન્વોઈસ મુજબની વિગતથી માલ પુરો સપ્લાય કર્યા મુજબ અમારા અસીલએ **રૂા. ૧,૪૦,૮૯,૨૬૧/- અંકે રૂપિયા એક કરોડ ચાલીસ લાખ નેવાસી હજાર બસ્સો એકાણુ** નો માલ સપ્લાય કરેલ છે.

જે માલ સપ્લાય થયેલ માલ કપાસ વેચાણની લેણી રકમ સંબંધે શરત મુજબ તમો દ્વારા નાણા નહીં ચૂકવતા અમારા અસીલ દ્વારા વચેટિયા મોહયુદ્દીનભાઈને રૂબરૂ આપની ફેકટરી ઉપર મોકલતા અને આપને મળતા આપ તમામ દ્વારા ઉધ્ધતાઈ ભર્યુ વર્તન કરી અને ''તમો થાય તે કરી લો, અમારે તમારા પૈસા ચૂકવવાના થતા નથી અને તમો આજ આવ્યા, હવે પછી આ અમારી ફેકટરી ઉપર પગ મૂકતા નહી.'' તેવુ જણાવી રિવોલ્વર હથિયાર જેવું હથિયાર બતાવી મારી નાખવાની ધમકી આપી તમો દ્વારા અમારા અસીલની રકમ પચાવી પાડવાનો બદ્દઈરાદો પ્રથમથી જ હોય તેવું ફલિત થયેલ છે અને તમો તમામ દ્વારા ધકકા મારી બહાર ધકેલી મુકેલ છે અને અમોના અસીલ તથા મોહયુદ્દીનભાઈ વિરુદ્ધ ખોટી વિગતથી ગુનો દાખલ કરવાની ધમકી આપેલ છે.

આવા તમારા વાણી-વર્તનથી તેમજ અમારા અસીલની માતબર રકમ પચાવી પાડવાના ઈરાદાથી તમો દ્વારા અમારા અસીલના માલ વેચાણ કરીને રોકડ રકમ મેળવી તમો દ્વારા સદરહું જીનીંગ ખરીદ કર્યા સબબ ચૂકવવાની રકમ તમો દ્વારા જીનીંગની ખરીદની અવેજ રકમ ચૂકવવા ઉપયોગ કરીને રકમ **રૂા. ૯૦,૦૦,૦૦૦/- નેવું લાખ**નું રકમ અલગ-અલગ ચેક દ્વારા તથા રોકડ રકમ ચૂકવણું કરીને અમારા અસીલના નાણા ડુબાડવા કે ખોટા કરવાનું ગંભીર પ્રકારનું કૃત્ય કરેલ છે.

આ મુજબ અમારા અસીલની લેણી રકમ **રૂા. ૧,૪૦,૮૯,૨૯૧/- અંકે રૂપિયા એક કરોડ ચાલીસ લાખ નેવાસી હજાર બસ્સો એકાણુ**ની વસૂલ કરવા સંબંધિત હકુમત ધરાવતી નામદાર પ્રિન્સિપાલ સિવિલ જજ સમક્ષ તેમજ બદ્દઈરાદા, બદદાનતથી પ્રેરાઈને પ્રથમથી જ અમારા અસીલને ખોટા વચન-વિશ્વાસ આપી વિશ્વાસ ભંગ કરીને અમારા અસીલ સાથે છેતરપિંડી કર્યા સબબ ફોજદારી ધારા અન્વયે સંબંધિત હકુમત પોલીસ સ્ટેશન અગર સંબંધિત હકુમત ધરાવતી ફોજદારી કોર્ટ કચેરી સમક્ષ તમો વિરુદ્ધ કાર્યવાહી કરવા પ્રગતિમાં હોય મુજબ તેમજ અમારા અસીલને મળેલ માહિતી મુજબ તમો દ્વારા અમારા અસીલના નાણા ન ચૂકવવા પડે તેવા બદ્દઈરાદાથી આપના હસ્તકનું જીનીંગ ફેકટરી શ્રીજી કોટેકસ-બોડિયા, (લીલીયા) નું જીનીંગ ફેકટરી વેચાણ વ્યવહાર કરવા કાર્ય કૃત્ય કાર્યવાહી કરી રહ્યા છો તેવી માહિતી મળેલ હોય તે સબબ પણ અમારા અસીલ દ્વારા સંબંધિત હકુમત ધરાવતી કોર્ટ સમક્ષ અરજ અહેવાલ કરી કરાવી આપના વેચાણ કરવાના કૃત્ય કે કાર્યવાહી અટકાવવા તેમજ અમારા અસીલની લેણી તમામ ખર્ચ, વ્યાજ સહિતની રકમ મેળવવા કાર્યવાહી કરી સદરહું **શ્રીજી કોટેકસ, બોડીયા** ગામના જીનીંગના જમીન, મિલકત, ફેકટરી, સામાન, ઈમલો, કપાસ તેમજ રૂની ગાંસડીઓ જપ્તિમાં લઈ મેળવવા કાર્યવાહી કરવા તજવીજ કરી રહ્યા હોય તે વિગતે તેમજ અન્ય વિગતે અમારા અસીલને રકમ વસૂલ મળ્યા પહેલા આવા વેચાણ વ્યવહાર કૃત્ય થયેલ હોય તે કાયમી આવા વેચાણ વ્યવહારનો ઈનકાર કરીને આવા વેચાણ વ્યવહાર કાયમી રદ કરી કરાવી લેવા અમારા અસીલ સક્ષમ છે.

ઉપરોકત વિગત મુજબની તમામ વિગત મુજબ અમારા અસીલના નાણા રકમ **દિન-૩ ત્રણ** માં ચૂકતે કરી કરાવી આપશો તે મુજબ ચૂક થયા અમોના અસીલ દ્વારા તમામ પ્રકારની કાર્યવાહી કરશે અને આવી થતી થયેલ તમામ કાર્યવાહીમાં ઉદ્ભવતા તમામ પ્રકારના ખર્ચ પરિણામ જવાબદારી તમો જાતે તેમજ તમારા મુખત્યાર વંશ-વારસોની કાયમી રહેશે જે તમામ વિગતથી આ જાહેર નોટિસ તેમજ વ્યકિતગત નોટિસથી જાણ કરીએ છીએ તે મુજબ તમો તમામ તથા સંબંધિત મંડળ, મંડળી, જાહેર-ખાનગી ટ્રસ્ટો, જાહેર ખાનગી બેંકો, તમામ વ્યકિતગત તેમજ શહેર નોટિસથી તાકીદ કરીએ છીએ જેની ગંભીર નોંધ લેશો.

**તા.૧૪/૦૧/૨૦૨૪**
**અમરેલી**

**નોટિસ કર્તા**
**(ચિતુરી શ્રી નિવાસ બાબુરાવ)**
**સહી અવાચ્ય**

**અસીલની સુચના,**
**સહી અવાચ્ય**
**(રફીક આર. મોગલ)**
**એડવોકેટ**

### શહેરીજનોનાં પરસેવાનાં પૈસાથી બનેલ સ્થળનો ઉપયોગ કરવો મુશ્કેલ

# અમરેલીનાં એરપોર્ટ માર્ગનાં બ્યુટિફિકેશનની ગંદકી દૂર કરો

**રાધિકા હોસ્પિટલથી લઈને એરપોર્ટનાં અંત સુધનાં બ્યુટિફિકેશનમાં કયારેય નિયમિત અને નિયમ પ્રમાણે સફાઈ થતી નથી**

**બ્યુટિફિકેશનની અંદર ભયાનક બદબુ, ગંદકીનાં ગંજ અને વીજળીનાં અભાવથી પરેશાની**

**પાલિકાનાં શાસકો દર વર્ષે રૂપિયા ૪ થી ૫ કરોડનો ખર્ચ કરે છતાં કયાંય સફાઈ જોવા મળતી નથી**

**સરકીટ હાઉસથી ઓમનગર સુધીમાં ૧૦ જેટલી સ્ટ્રીટલાઈટ મહિનાઓથી બંધ જોવા મળે**



અમરેલી, તા. ૧૫

અમરેલી શહેરાનાં રાજમાર્ગોને સુશોભીત કરીને માર્ગની બગલમાં ગાર્ડન, બાળકો માટે હીંચકા, લપસણી, લાઈટ, બેસવા માટેનાં બાકડા માટે શહેરીજનોને પરસેવાનાં પૈસાથી એરપોર્ટ માર્ગ પર બ્યુટિફિકેશન મોટા ઉપાડે તો બનાવાયું. પરંતુ તેનો લાભ શહેરીજનો લઈ શકે તેવી સુવિધા કે સ્વચ્છતાનો અભાવ જોવા મળી રહ્યો છે.

રાધિકા હોસ્પિટલથી એરપોર્ટનાં અંતિમ છેડા સુધીનાં બ્યુટિફિકેશનમાં ભયાનક ગંદકી, બંધ લાઈટ, તુટેલ–ફુટેલ લપસણી, ભયાનક બદબુ, પ્લાસ્ટીકનાં ઢગ અને ઘાસનો પગપેસારો થયો હોય કોઈ શહેરીજન તેનો ઉપયોગ કરી શકતો નથી.

અમરેલી એ જિલ્લાનું મુખ્ય મથક છે. ચારે દિશામાં સ્વચ્છતા અભિયાન ચલાવાયું પરંતુ શહેરમાંથી ગંદકી દૂર થતી નથી તે કડવી વાસ્તવિકતા છે. શહેરીજનોનાં પરસેવાનાં રૂપિયા ૪ થી ૫ કરોડનો ખર્ચ માત્ર ગંદકી દૂર કરવા પાછળ થતો હોય છતાં પણ શહેરનાં મોટાભાગનાં વિસ્તારોમાં ગંદકી જોવા મળી રહી છે.

તદુઉપરાંત સ્ટ્રીટલાઈટ, રખડતા પશુઓ, જાહેર માર્ગોની ફૂટપાથ પરનું દબાણ, જાહેર શૌચાલયમાં ગંદકી દૂર કરવા સહિતની કામગીરી યોગ્ય રીતે થતી નથી અને સરકીટ હાઉસથી નૂતન હાઈસ્કૂલ અને ઓમનગર સુધીની ૧૦ જેટલી બંધ સ્ટ્રીટલાઈટ મહિનાઓથી શરૂ થતી નથી. તો ગાંધીબાગ અને ગર્લ્સ હાઈસ્કૂલ વચ્ચેનાં ૨ વીજપોલ અકસ્માતે જમીનદોસ્તથયા બાદ નવા વીજપોલ લગાવીને તેમાં લાઈટ લગાવવાનું શાસકોને યાદ આવતું નથી.

### નાના એવા ગામમાં દોડધામ મચી

## અમરેલી : જુના ગીરીયા ગામે જાગૃત હનુમાનજી મંદિરમાં અકસ્માતે આગ લાગી

**સદ્નસીબે જાનહાનીની ઘટના ટળી**

અમરેલી, તા. ૧૫

અમરેલી તાલુકાના જૂના ગીરિયા ગામ પાસે આવેલ જાગૃત હનુમાનજીના મંદિરમાં ગઈકાલ તા. ૧૪ના રોજ કોઈ કારણોસર અચાનક આગ લાગવાની ઘટના ઘટેલ હોય. તેના અનુસંઘાને અમરેલી ફાયર કંટ્રોલ રૂમ ખાતે ટેલીફોનિક જાણ કરવામાં આવતા અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તુરંત ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ ઉપર સંપુર્ણ કાબુ મેળવેલ હતો. આ ઘટનામાં કોઈ પણ જાતની



જાનહાની થયેલ નથી. આ કામગીરીમાં ફાયર સ્ટાફના ઋતવિકભાઈ ભીમાણી, સાગરભાઈ પુરોહિત, જયદીપભાઈ ઈસોટીયા વિગેરેએ જોડાયા હતા.

### તાલુકા પંચાયત સદસ્ય દ્વારા

## લીલીયા તાલુકાનાં ગામોનો સૌની યોજનામાં સમાવેશ કરવા માંગ

**પાણીપુરવઠા મંત્રીને પત્ર પાઠવ્યો**

લીલીયા, તા. ૧૫

લીલીયા તાલુકા પંચાયતના સદસ્ય જયસુખભાઈ સુરાણી દ્વારા પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાને પત્ર પાઠવી રજૂઆત કરેલ જેમાં જણાવેલ કે અમરેલી જીલ્લાના લીલીયા તાલુકાનો વિસ્તાર ખારાપાટ તરીકે ઓળખવામાં આવે છે આ તાલુકાનું પાણી ફલોરાઈડયુક્ત હોય પીવાલાયક કે ખેતીલાયક પણ ના હોય તેમજ આ ગામોમાં પાણીના તળમાં ખારૂ તેમજ કડવું પાણી નીકળતું હોય આ તાલુકામાં સિંચાઈનો પણ કોઈ સ્ત્રોતના હોય તેમજ લોકોની પ્રાથમિક જરૂરિયાત પાણી હોય. જે આ યોજના દ્વારા પુરી કરી શકાઈ એમ હોય. હાલ માં જે સર્વે થયો છે તે મુજબ અમારા તાલુકાના ગામોના તળાવથી ૧૫ કિલોમીટરની રેંજમાં ગારીયાધાર તાલુકાનું ફાચરીયા ગામ સુધી સર્વે થઈ



ચુકયો છે જયાં ટુકા સમય ગાળામાં સૌની યોજનાનું પાણી આવે તેમ હોય. તો સત્વરે જણાવવાનું કે ૧૫ કિલોમીટરનો વિસ્તાર વધારીને લીલીયા તાલુકાના ગામોના તળાવો સુધી સૌની યોજનાનું પાણી પહોંચાડવા બાબતે તાલુકા પંચાયત સદસ્ય દ્વારા પાણી પુરવઠા મંત્રીને પત્ર પાઠવી રજુઆત કરેલ છે તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદીમાં જણાવેલ છે

### પોલીસ અધિક્ષકની સુચનાથી કાર્યવાહી

## સાવરકુંડલામાં જાહેરમાં જુગાર રમતા ત્રણ ઈસમોને પકડી પાડતી ટાઉન પોલીસ

**રૂપિયા ૧૩૯૦૦નો મુદ્દામાલ કબ્જે થયો**

અમરેલી, તા. ૧૫

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહે તથા સાવરકુંડલા ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરા દ્વારા જીલ્લાભરમાં જુગાર રમતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ દરોડો કરી કાર્યવાહી કરવાં સુચના તથા માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એસ.એમ. સોનીની સુચના અને માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા પેટ્રોલીંગ દરમ્યાન મળેલ ચોકકસ બાતમી આધારે સાવરકુંડલા ટાઉનમાં હાથસણી રોડ વેલનાથ પાનના ગલ્લા પાસે જાહેરમાં પૈસાની હારજીતનો જુગાર રમતા ધીરૂભાઈ જીવરાજભાઈ માણસુરીયા, દેવશીભાઈ ડભુભાઈ ઉનાવા, અલ્પેશભાઈ ઈન્દુભાઈ ધાખડા, દિલીપભાઈ ધીરૂભાઈ ગોહીલ, ભકાભાઈ ડભુભાઈ ઉનાવા



તથા દદુભાઈ ઉર્ફે દકુભાઈ ઓઠાભાઈ વરૂ રહે. તમામ સાવરકુંડલાવાળા છ ઈસમોને રોકડા રૂા. ૧૩૯૦૦ સાથે પકડી પાડી અને ઝડપાયેલા છ ઈસમો વિરૂધ્ધ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી ધરવામાં આવેલ છે.

### મારી 'વહાલી દીકરી'નું ઉજજવળ ભવિષ્ય કેન્દ્ર સરકારની યોજનાએ સુનિશ્ચિત કર્યુ

## રાજુલાનાં માંડળ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સીદી સમુદાયનાં મહિલા લાભાર્થીએ પોતાની લાગણી વ્યકત કરી

**૧૮ વર્ષની વય થતા સુધીમાં રૂા. ૧.૧૦ લાખની સહાય મળશે**

અમરેલી તા.૧૫

મારૂ નામ અંજુમબેન મકવાણા છે. મારે ૧૧ મહિનાની દીકરી છે. થોડા સમય પહેલાં જ મેં 'વહાલી દીકરી યોજના'માં મળવા પાત્ર લાભ માટે નોંધણી કરાવી હતી. આ યોજના અંતર્ગત મારી 'વહાલી દીકરી'નું ઉજજવળ ભવિષ્ય કેન્દ્ર સરકારે સુનિશ્વિત કર્યુ છે. મારી દીકરી ૧૮ વર્ષની વય થતા સુધીમાં રૂા.૧.૧૦ લાખની સહાય મળશે, વડાપ્રધાનનો ખૂબ ખૂબ આભાર. આ શબ્દો છે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના માંડળ ગામે ઉપસ્થિત રહેલા સીદી સમુદાયના લાભાર્થી મહિલાના સમગ્ર ભારતમાં આદિમ જૂથોના સર્વાંગી વિકાસ માટે ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય અભિયાન (PM-JANMAN) અમલમાં મૂકવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત જનજાતિ આદિમ જૂથના લોકોને વિવિધ યોજનાકીય સહાય – લાભો પહોંચાડવાની નેમ સાથે સોમવારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વર્ચ્યુઅલ અધ્યક્ષસ્થાને રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમ




અંતર્ગત અમરેલી જિલ્લાના માંડળ ખાતે લાભાર્થીઓને લાભાન્વિત કરાયા હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત 'વહાલી દીકરી' યોજનાના લાભાર્થી અંજુમબેન મકવાણાએ ઉમેર્યુ કે,આ યોજના અંતર્ગત દીકરી પહેલા ધોરણમાં આવશે ત્યારે સરકાર દ્વારા રૂા.૪,૦૦૦ની સહાય આપવામાં આવશે જયારે દીકરી ધો.૯ માં આવશે ત્યારે સરકાર દ્વારા રૂા.૬,૦૦૦ ની સહાય આપવામાં આવશે.દીકરી જયારે ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ કરશે ત્યારે રૂા.૦૧ લાખની સહાય આપવામાં આવશે.આમ,આ યોજના હેઠળ રૂા.૧.૧૦ લાખની સહાય મળતા મારી દીકરીના ભણતર સહિતના ખર્ચને પહોંચી વળવામાં સહાય મળશે.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ, જિલ્લા કલેકટર, રાજુલા અને જાફરાબાદના પ્રાંત અધિકારી રાજુલા,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યો, રાજુલા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, શાળાના શિક્ષકો, આચાર્ય, ગ્રામજનો અને સીદી સમાજના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## નાનાલીલીયા ખાતે અશરફમિયા બાપુનાં ઉર્ષની ગુરૂવારે ઉજવણી



લીલીયા, તા. ૧૫

લીલીયા તાલુકાના નાનાલીલીયા ગામે આવેલ કોમી એકતાના પ્રતિક એવા અશરફમિયાબાપુ (દાદાબાપુ) નો ઉર્ષની શાનો શૌકતથી ઉજવણી કરવામાં આવશે. જેમાં પીરે તરીકત અલ્હાજ એહમદ અલીબાપુ અને સૈયદ પરિવારની નિગેહબાનીમાં ઊર્ષની ઉજવણી દર વર્ષની જેમ આ વર્ષે પણ ઊજવાશે. જેમાં તા. ૧૮/૧/૨૦૨૪ ને ગુરૂવારનાં રોજ બપોરના ૩ કલાકે મિલાદ, ૫ કલાકે તકરીર, ૬ કલાકે ન્યાઝ ગામ ધુવાડા બંધ જમણવાર તેમજ ૯ કલાકે બોમ્બેના કવ્વાલ ઝાકિર શોલેનો શાનદાર પ્રોગ્રામ રાખવામાં આવેલ છે. તો દરેક અકીદતમંદો અને આશીકે અહલેબેત આ નુરાની જલસામાં હાજરી આપી સવાબે દારિન હાશીલ કરવા નાના લીલીયા સૈયદ પરિવાર તરફથી આમંત્રણ પાઠવવામાં આવી રહ્યું છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.




### છેલ્લા ૯ મહિનાથી મારકુટ કરતાં હોવાની પણ ફરિયાદ

## ચલાલા પોલીસ સ્ટેશનનાં કર્મીએ ૩૫ વર્ષિય મહિલા સાથે લગ્ન કરવાની લાલચ આપી શરીર સંબધ બાંધ્યો

**અમરેલી તાલુકા પોલીસે ફરિયાદ નોંધી તપાસ આદરી**

અમરેલી, તા.૧૫

ચલાલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક કર્મીએ અમરેલીમાં રહેતી એક ૩૫ વર્ષિય મહિલાને લગ્ન કરવાનુ લાલચ આપી તેણી સાથે અવાર – નવાર શરીર સંબંધ બાંધી, બાદમાં આરોપી પોલીસ કર્મીએ મહિલા સાથે લગ્ન કરવાની ના પાડી ગત તા. ૧૦/૧/૨૪ ના રોજ બુધવારે સાડા ત્રણેક વાગ્યે અને રાત્રીના સાડા દસેક વાગ્યે તેમજ તા. ૧૧/૧/૨૪ના સવારના નવેક વાગ્યે મહિલાની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી મહિલાને છેલ્લા નવ મહિનાથી મારકુટ કર્યાની અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ ચલાલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહેશ રાઠોડ નામના એક પોલીસ કર્મીએ અમરેલીમાં રહેતી એક ૩૫ વર્ષિય મહિલાને લગ્ન કરવાની લાલચ આપી, તેણી સાથે અવાર– નવાર શરીર સંબંધ બાંધી, બાદમાં આરોપી પોલીસ કર્મીએ મહિલા સાથે લગ્ન કરવાની ના પાડી ગત તા. ૧૦/૧/૨૪ના રોજ બુધવારે સાડા ત્રણેક વાગ્યે અને રાત્રીના સાડા દસેક વાગ્યે તેમજ તા. ૧૧/૧/૨૪ના સવારના નવેક વાગ્યે મહિલાની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી મહિલાને છેલ્લા નવ મહિનાથી મારકુટ કર્યાની અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા આ બનાવ અંગે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ સબ. ઈન્સ કે.એસ. ડાંગરે વધુ તપાસ હાથ ધરી છે.

## માલવણ ગામે રોકડ રૂપિયા ૧,૮૭,૦૦૦ની ચોરી

અમરેલી, તા. ૧૫

અમરેલી તાલુકાના માલવણ ગામે રહેતા ગાયક કલાકાર દીલીપભાઈ રાવતભાઈ જળું ગત તા. ૧૧ના રોજ બપોરના દોઢ વાગ્યે સુરત ખાતે શાક ઉત્સવનો કાર્યક્રમ હોય તેમાં ગાવા સારૂ માલવણથી નિકળેલ હતા અને તેમના ઘરે કોઈ હતું નહી. તેથી ઘરને તાળુ મારી અને ચાવી પોતાના ભાઈ બચુભાઈ જે મારી બાજુમાં જ રહેતા હોય તેમને મકાનની ચાવી આપીને ગયેલ હતા. બાદમાં બે દિવસ સુરત ખાતે કાર્યક્રમમાં તે રોકાયેલ હતા અને ગત તા. ૧૪ના રોજ તે સુરતથી બસમાં પોતાના ગામ માલવણ આવેલ હતા અને મકાનમાં જોયેલ તો મકાનની જાળીનો દરવાજાનો નકુચો કોઈ સાધન વડે કોઈ અજાણ્યા ઈસમે કાપી નાખેલ હતો અને દરવાજો ખુલ્લો હતો અને સામાન વેર વિખેર પડેલ હતો અને આ રૂમમાં ફર્નિચરના કબાટના ખાનામાં એલ્યુમિનીમની પેટી તથા પ્લાસ્ટીકની પેટી બન્નેમાં રોકડા રૂપિયા રાખેલ હતા. જેમાં ભાણીના લગ્ન કરેલ હતા તેના ચાંદલાના રૂા. ૧,૫૭,૦૦૦ તથા મારા બીજા રૂપિયા ૩૦,૦૦૦ મળી કુલ રોકડા રૂપિયા ૧,૮૭,૦૦૦ તેમા રાખેલ હતા. તે કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## EVM નામની ''બલ્લા'' અવારનવાર વિવાદમાં આવી રહી છે

# નવી દિલ્હીમાં "EVM"ને લઈને જાગૃતત્તા ઉભી કરવાનો પ્રયાસ

સુપ્રિમ કોર્ટનાં વરિષ્ઠ એડવોકેટ, હાઈકોર્ટનાં નિવૃત્ત જજ સહિત સૌ કોઈ "EVM"ને બદલે બેલેટ પેપરથી ચૂંટણીની કરે છે માંગ

દેશભરની જનતાને પક્ષાપક્ષીથી દૂર રહીને હેલ્પલાઈન નંબર ૯૬૬૭૭ ૨૨૦૬૨ પર મીસકોલ કરવા આહ્વાન કરાયું

એડવોકેટ દ્વારા લોકસભાની ચૂંટણી કોઈપણ સંજોગોમાં EVM થી ન થવા દેવાની ચીમકી ઉચ્ચારાઈ

જો કે દેશનાં ઈલેકશન કમિશને EVM માં કોઈ ઘાલમેલ થતી ન હોવાનું જણાવ્યું



અમરેલી, તા. ૧૫

ભારત દેશમાં છેલ્લા ૨૦-૨૫ વર્ષથી વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં મતદાન માટે ઈલેકટ્રોનીક વોટિંગ મશીન એટલે કે EVMનો ઉપયોગ શરૂ થયો છે અને શરૂઆતમાં માત્ર EVMમાં બેલેટ યુનિટ અને કંટ્રોલ યુનિટનો ઉપયોગ થતો હતો. પરંતુ EVMમાં ઘાલમેલની આશંકાની ફરિયાદ ઉભી થતાં તેમા હવે વચ્ચે વીવીપેટ યુનિટનો ઉમેરો થયો. પરંતુ તેને લઈને ઘાલમેલની શંકા વધુ બળવતર બનતાં દેશના પાટનગર ખાતેથી EVM હટાવ આંદોલનની શરૂઆત થઈ છે.

તાજેતરમાં સંપન્ન થયેલ મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢ, તેલગંણા અને મિઝોરમની વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ મધ્યપ્રદેશ અને છત્તીશગઢમાં EVMમાં મોટા પ્રમાણમાં ઘાલમેલ થયાનો આક્ષેપ શરૂ થયેલ છે. તો વર્ષ ૨૦૦૯માં યોજાયેલ લોકસભાની ચૂંટણીમાં તે વખતે પરાજિત થયેલ ભાજપનાં આગેવાનોએ EVMની કામગીરી સામે આંગળી ચીંધીને ભાજપનાં એક નેતાએ તો બુક પણ પ્રસિધ્ધ કરી હતી અને હવે ભાજપ સત્તા સ્થાને હોય તેમનાં ધ્વારા EVMનો બચાવ કરવામાં આવી રહ્યો છે.

દરમિયાનમાં નવી દિલ્હી ખાતે સુપ્રીમ કોર્ટનાં ખ્યાતનામ અનેક એડવોકેટ તેમજ હાઈકોર્ટનાં અનેક નિવૃત્ત જજ સહિતનાં બુધ્ધિજીવીઓ છેલ્લા એક અઠવાડીયાથી EVM હટાવવાને લઈને જનજાગૃતિ ઉભી કરવાનો પ્રયાસ શરૂ થયો છે અને આગામી લોકસભાની ચૂંટણી બેલેટ પેપરથી કરાવવાની માંગ સાથે એક હેલ્પલાઈન નંબર ૯૬૬૭૭ ૨૨૦૬૨ પર મિસ્ડકોલ કરવા દેશવાસીઓને આહવાના કરવામાં આવ્યું છે.

બીજી તરફ ભારતનાં ચૂંટણી વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ કહે છે કે, ભારત દેશમાં ઉપયોગ થતાં EVMમાં કોઈ ઘાલમેલ થતી નથી અને સમગ્ર મતદાન પ્રક્રિયા પારદર્શી, નિષ્પક્ષ રીતે થાય છે. એટલે EVMમાં આશંકા દર્શાવવી યોગ્ય નથી.

### નાયબ દંડક કૌશિક વેકરિયાના હસ્તે

## અમરેલી ખાતે વિવિધ વિભાગોના સહયોગથી કરૂણા અભિયાનની કામગીરી શરૂ

### વન, ગૌવર્ધન સેલના સહયોગથી વૃંદાવન ટ્રસ્ટની કામગીરી

અમરેલી, તા. ૧૫

વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઈન અને અમરેલી જિલ્લા ગૌ સંવર્ધન સેલ ભારતીય જનતા પાટી દ્વારા હોરેસ્ટ ડિપાર્ટમેન્ટ પશુપાલન ડિપાર્ટમેન્ટના સહયોગથી કરૂણા અભિયાન ૨૦૨૪ કામગીરીની ગુજરાત સરકારના નાયબ દંડક ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા દ્વારા શુભારંભ કરાવ્યો.

દર વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થા તેમજ ગૌ સંવર્ધન સેલ અમરેલી જિલ્લા દ્વારા કરૂણા અભિયાન યોજાયો. જેમાં સહકારી આગેવાન અને અમરેલી જિલ્લાનું ગૌરવ એવા ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, જિલ્લા ખરીદ વેચાણ સંઘના જયંતીભાઈ પાનસુરીયા, જિલ્લા મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા, મેહુલભાઈ ધોરાજીયા, શહેર ભાજપ પ્રમુખ ભાવેશ સોઢા, ફોરેસ્ટ વિભાગના એસીએફ એમ.યુ. શેખ, આરએફઓ જે.એસ. ખાખસ, પશુપાલન વિભાગના ડીએચઓ કુનડીયા, ફોરેસ્ટર આર.કે. જાની, રૂબીનબેન, જે.બી. સરવૈયા, એન.પી. સોલંકી, ફોરેસ્ટર ગાર્ડ વી.ડી. મકવાણા, વી.પી. જોશી, જે.ડી. ચૌહાણ, વૃંદાવન ગૌસેવા ટ્રસ્ટ કરૂણા અભિયાનના સંયોજક તેજસ નિમાવત,





વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટના ડો. પીયુસભાઈ, ડો. અખીલભાઈ તેમજ સભ્યો પાર્થભાઈ, આદિત્યભાઈ, હિરેનભાઈ આશિષભાઈ, રવિભાઈ, અજયભાઈ સાહિલભાઈ પ્રવિણભાઈ અમરેલી શહેરના જીવદયા પ્રેમી લોકો કરૂણા પક્ષી બચાવો અભિયાનને સફળ બનાવવા મદદરૂપ થનાર ફોરેસ્ટ વિભાગની ટીમ તેમજ પશુપાલન વિભાગની ટીમ મીડિયા ટીમે સહયોગ કર્યો હતો.

## ભુરખીયા હનુમાનજી મંદિરે બુધવારે વિના મુલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે



દામનગર, તા. ૧૫

લાઠી તાલુકાના ભુરખીયા હનુમાનજી મંદિરે તા. ૧૭/૦૧/૨૪ ને બુધવારે રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર-મુંબઈના સહયોગથી સવારના ૮ કલાકથી બપોરના ૧૨-૩૦ વાગ્યા સુધી વિના મુલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાશે. સુદર્શન નેત્રાલય અમરેલીની ટીમ આંખના દર્દીઓની તપાસ કરશે. જરૂરિયાતમંદ દર્દીઓને મોતિયાના ઓપરેશન કરી આપવામાં આવશે. રાહતભાવે નંબરના ચશ્માં બનાવી આપશે. આ કેમ્પનો લાભ લેવા આવનાર દર્દીઓએ આધાર પુરાવામાં આધાર કાર્ડ અને ચૂંટણી કાર્ડ સાથે લાવવા આયોજકો લાયન્સ કલબ ઓફ અમરેલી ( સીટી ) અને શ્રી ભુરખીયા હનુમાનજી ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલી દ્વારા જણાવી, કેમ્પનો લાભ લેવા જણાવવામાં આવેલ છે.

### હત્યા, આત્મહત્યા કે અન્ય કોઈ ઘટનાને લઈને તર્ક-વિતર્ક

## ગીરગઢડાનાં પીંછવી ગામનાં તળાવમાંથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો

### સ્થાનિક પોલીસે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી

ઉના, તા. ૧૫

ગીરગઢડા તાલુકાના પીંછવી ગામે તળાવમાંથી અજાણ્યા યુવકનો કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર જાગી છે. આ યુવકના મૃતદેહ પાછળ હત્યા કે આત્મહત્યા તેવા અનેક તર્કવિતર્ક સાથે પોલીસે તપાસનો ધમધમાટ હાથ ધર્યો છે.

આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ગીર ગઢડા તાલુકાના પીંછવી ગામે આવેલ જુનવાણી તળાવમાં અજાણ્યા વ્યકિનો મૃતદેહ તરતો હોવાની પોલીસને જાણ થતાં કોડીનાર પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહને તળાવમાંથી બહાર લાવી પીએમ અર્થે ગીર ગઢડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાદ જામનગર ખાતે મોકલવામાં આવેલ છે. જે મૃતદેહ મળી આવ્યો છે તે અતિ કોહવાયેલી હાલતમાં હોય અને ઘણા દિવસોથી તળાવમાં હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. હાલ તો કોહવાયેલો મૃતદેહ હોવાના કારણે તેની ઓળખ થઈ શકી નથી, પરંતુ આ મૃતદેહ કોનો છે? અને હત્યા છે કે આત્મહત્યા? તે દિશામાં કોડીનાર પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. હાલ તો નાના એવા પીછવી ગામમાં તળાવમાંથી મળી આવેલ અજાણ્યા વ્યકિતના મૃતદેહને લઈ અનેક તર્કવિતર્કો સાથે ચકચાર જાગી છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



શુધ્ધ ઘીના અડદીયા
મોહનથાળ ગુલાબ જાંબુ
ટોપરાપાક લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨



''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
જાન્યુઆરી ધમાકા ઓફર
પછી કહેતા નહીં કે અમે રહી ગયા....
ભાવ વધે તે પહેલા કાર બુક કરાવો
અને તમારા સપનાની કારનાં માલીક બનો...
CELERIO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999



પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
Honda Shield 3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨



॥ વંદે માતરમ્ ॥
YAMAHA Revs Your Heart જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA
Make an Impression
fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino year
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪




Hero
BIG XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92819 22254
navnit@heromotocorp.biz



તમારો દરેક પ્રસંગ યાદગાર બનશે
ક્રિષ્ના ઈવેન્ટ
KRISHNA EVENT
અમરેલી • સુરત • મોરબી
• લોકડાયરો • લગ્નગીત
• હાસ્ય દરબાર ગરબા • પ્રાઈવેટ ઈવેન્ટ
• સંગીતસંધ્યા • રાસગરબા
• કોર્પોરેટ ઈવેન્ટ • બોલિવૂડ કોન્સર્ટ
દ્વારકેશભાઈ જોષી
99741 55535

# પૂજય મોરારી બાપુની રામકથા... શ્લોકથી લોક સુધી પહોંચી 'માનસ લોકભારતી'



**પ્રતાપ ખુમાણ**
**સાવરકુંડલા**

લોક ભારતી ગ્રામ્ય વિદ્યાપીઠ એવમ્ લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઈનોવેશન, સણોસરાના રળીયામણા, પ્રાકૃતિક શૈક્ષણિક પરિસરમાં તારીખ ૩૦ ડિસેમ્બર ૨૦૨૩ થી તારીખ ૭ જાન્યુઆરી ૨૦૨૪ દરમ્યાન પૂજય મોરારિબાપુની ૯૨૯મી રામકથા 'માનસ લોકભારતી'નું બાપુનાં શ્રીમુખે નવદિવસીય ગાન થયું.

કથાના મનોરથી હર્ષાબા ગોહિલ એવમ્ લોકભારતી પરિવારે અત્યંત ભાવપૂર્ણ આગતા સ્વાગત કરી, ચિમનભાઈ વાઘેલા ભરતભાઈ દ્વારા કથા, ભોજન, આવાસ વ્યવસ્થાપન સેવા સ્વાભાવિક જ ઉત્તમોત્તમ રહી.

લોકભારતી ગ્રામ વિદ્યાપીઠમાં બાપુ, કથાની 'હા' પાડે એમાંય બાપુનો અત્યંત રાજીપો હોય કારણ કે લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ–સણોસરા સંસ્થા મહાત્મા ગાંધીના સત્ય અને અહિંસાના સર્વોદયના સિદ્ધાંતોના પાયા પર રચવામાં આવેલી છે.

આ સંસ્થાની સ્થાપના નાનાભાઈ ભટ્ટ દ્વારા ૧૯૫૩માં પ્રખર ગાંધીવાદી કાકાસાહેબ કાલેલકરના હસ્તે કરવામાં આવી હતી. શિક્ષણની સાથે ગ્રામ્ય સમસ્યાઓનો વ્યવહારિક ઉકેલ લાવવામાં કઈ રીતે યોગદાન આપી શકાય તેનું જીવંત અને જવલંત ઉદાહરણ એટલે 'લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ'.

પ્રખર અભ્યાસુ, ઈતિહાસવિદ મનુભાઈ પંચોળી 'દર્શક' આ સંસ્થાના સહસ્થાપક. ખૂબ જ લોકપ્રિય બનેલી ઘઉંની જાત 'લોકવન' એ અહીંના જ સંશોધનનું પરિણામ.

હવે તો ગ્રામ–વિદ્યાપીઠ લોકભારતી યુનિવર્સિટીનું વિરાટરૂપ ધારણ કરી ચૂકી છે. લોકભારતી સાથે બાપુનો વર્ષોનો અતૂટ નાતો અને સ્નેહ રહ્યા છે, ત્યારે ગ્રામ વિદ્યાપીઠના આ પરિસરમાં 'માનસ લોકભારતી'નું ગાન કરતા બાપુએ સહજ રીતે જ રામકથાગાન સાથે સાથે દરેક દિવસે પૂજય નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી,મૂળ શંકરભાઈ ભટ્ટ, નટવરલાલ બુચને યાદ કર્યા. કહોને, સ્મરણ શલાકાથી અંજલિ અર્પી.

જીવાતા જીવન સાથે અનુબંધ સાધીને અનુભવ દ્વારા સાત દાયકાથી કેળવણી આપતી ગાંધી વિચાર સાથે ગ્રામાભિમુખ ઉચ્ચ શિક્ષણને સમર્પિત ગ્રામસમાજ કેળ વણીની સાધના ભૂમિલોકભારતી ગ્રામ વિદ્યાપીઠે એટલે જ તો રામકથાના દરેક વિશાળકાય હોર્ડિંગ્સમાં લખ્યું, 'હાલો ગામડાઓને ફરી ધબકતા કરીએ....'

બાપુ મુલતઃ તળના માણસ, ગાંધીજી કહેતા હતા કે 'ભારત ગામડાઓમાં વસે છે...' આ વાત–વિચાર અન્વયે પૂ.મોરારિબાપુએ મૂલ્ય શિક્ષણ અને આત્મનિર્ભરતા તરફ દોરી જતી લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ એવમ્ લોકભારતી યુનિવર્સિટીના લાભાર્થે રામકથા ગાન કર્યુ હતું.

જેમાં લોકભારતીના અગ્રણીઓ રઘુવીરભાઈ ચેધરી, રાજેન્દ્રભાઈ ખીમાણી, હસમુખભાઈ દેવમુરારી,ભદ્રાયુભાઈ વછરાજાની, રામચંદ્રભાઈ પંચોલી, અરૂણભાઈ દવે તેમજ સમગ્ર સંસ્થા કાર્યકર્તાઓ, વિદ્યાર્થીઓ, આગેવાનો, ગ્રામજનો દ્વારા રામકથાના શ્રોતાજનો માટે કથા શ્રવણ માટે તેમજ ભોજન, આવાસ તથા મંડપ સ્થળ આવન જાવનની સુંદરત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી.

લોકભારતીના મેનેજિંગ ટ્રસ્ટી, લોકવૈજ્ઞાનિક અરૂણભાઈ દવેએ રામકથાના આટલાં મોટા ભગીરથ કાર્યને પાર પાડવા સંદર્ભે કહ્યું હતું કે' હાંજા તો ગગડતા હતાં, છેલ્લે સુધી ડરમાં હતા કે કેમ પાર પાડીશું, પરંતુ બાપુ કૃપા અને રામ ભગવાને કરાવી દીધું. સાથે બાપુની રામકથા ટિમનો પણ અભૂતપૂર્વ ફાળો રહ્યો, જેથી કાર્ય વ્યવસ્થાપનની સુગમતા રહી'.

આમ, અથથી ઈતિ અરૂણભાઈનાદુરસ્ત તબિયત છતાં સક્રીય રહી સતત ફોલોઅપ લેતાં રહ્યા અને સાબિત કરી આપ્યું કે લોકભારતી એટલે માત્ર નોકરી નહીં, પરંતુ ' પરિવાર' એવી ભાવના!

પિડીલાઈટના ડા. પી.કે.શુક્લાએ પણ ગ્રામ વિદ્યાપીઠ, લોકભારતી સંસ્થાનોના ઉત્કર્ષ માટે પિડીલાઈટ પરિવાર તરફથી અપાતાં આર્થિક યોગદાનની તથા પિડીલાઈટ સ્થાપિત વૈજ્ઞાનિક ઢબે કાર્ય કરતાં લોકભારતીના એગ્રિકલ્ચર રિસર્ચ સેન્ટરથી અવગત કરાવી પૂજય બાપુની રામકથા નિમિત્તે લોકભારતીના ઉત્કર્ષ માટે આર્થિક સહયોગી બનવાનું સૌભાગ્ય સાંપડયું તેનો હરખ વ્યકત કર્યો.

કથા પ્રારંભે લોકભારતીના વિદ્યાર્થીઓએ રામાયણના વિધવિધ પાત્રો શબરી, કૈકેયી, કેવટ, ઉર્મિલા, જટાયુ, વાલિયો– વાલ્મિકી, વિભિષણ અને ખિસકોલીના પાત્રોની નાટય એકોકિત દ્વારા એકપાત્રિય અભિનયનાં માધ્યમે શ્રોતાજનોમાં આકર્ષણ જમાવ્યું.

લોકભારતીના સંગીત વૃંદ દ્વારા સુંદર સ્તુતિ–ભજનોની પ્રસ્તુતિ કર્ણપ્રિય રહી.લોકભારતી પરિસરમાં નઈતાલીમ અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ રૂરલ ઈનોવેશનના સંદર્ભે ગ્રામાભિમુખ સંશોધન અને નવીનીકરણ તેમજ પ્રાકૃતિક કૃષિ અને કૃષિ પેદાશોનું મૂલ્યવર્ધન અંગેની ત્રિ–દિવસીય સંગોષ્ઠિનું સુચારૂં આયોજન કરવામાં આવ્યું, જેમાં કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાની પ્રારંભિક પ્રેરક ઉપસ્થિતિ રહી.

કથાગાન દરમ્યાન શિક્ષણમંત્રી પ્રફુલ્લભાઈ પાનશેરિયાએ નવી શિક્ષણ પ્રણાલી અને લોકભારતીના અનુબંધ દ્વારા પોતાના પ્રેરક ઉદબોધનમાં રાજીપો વ્યકત કરી પૂજય મોરારીબાપુ દ્વારા રામકથાના સેતુબંધથી સંસ્કૃતિ અને સંસ્કારને વૈશ્વિક કક્ષાએ પહોંચાડવાની યાત્રાને શબ્દસ્થ કરી વંદના કરી હતી.

સુપ્રસિદ્ધ વકતા–લેખક જય વસાવડા, જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા રઘુવીરભાઈ ચૌધરી, પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સામાજિક અગ્રણી ગિરીશભાઈ દલસુખભાઈ ગોધાણી સહિત રામકથા શ્રોતાગણોમાં સુખ્યાત સંતો મહંતો, રાજકીય અગ્રણીઓ, સાહિત્યકારો, શિક્ષણવિદો, સામાજિક અગ્રણીઓ પણ અન્ય શ્રેતાજનો સાથે કથાશ્રવણ માટે ઉપસ્થિત રહ્યા હતા.

સાંધ્ય કાર્યક્રમમાં એકતારો ફેમ હાર્દિક પ્રફુલભાઈ દવેએ 'ભજન સંધ્યા'માં એકથી એક ચડિયાતી સુંદર રચનાઓ પ્રસ્તુત કરીને શ્રોતાગણને હિલોળે ચડાવ્યા.

ઓડિયન્સને સુર–તાલના સથવારે ડોલાવ્યા જ નહીં, પરંતુ નર્તન પણ કરાવ્યું. લોકભારતીના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત નયનગમ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ પણ આકર્ષણનું કેન્દ્ર રહ્યો.

રામપારાયણ નિમિત્તે પૂજય બાપુએ પોતાની આગવી શૈલીમાં રામાયણના પ્રસંગકથનો–વર્ણનો સાથે અનુબંધ સાધતા શિવ કથા, કૃષ્ણ કથા, વેદો–ઉપનિષદોનાં સૂત્રાત્મક વાત –વિચાર સાથે સાથે ઈસુ ખ્રિસ્ત, ભગવાન બુદ્ધ, ઓશો રજનીશ, ગાંધીજીના મૂલ્યો, લોક પ્રસંગો, ગુઢવાણી, શિખામણ સુત્રો, અનુભવ કથાઓ દ્વારા રામાયણ મહામંત્રને ગુંજતો કર્યો હતો.

**(માહીતી : નિલેશ વાવડીયા, સંગીતની દુનિયા પરીવાર)**

## સાવરકુંડલા : જે.વી. મોદી હાઈસ્કૂલના વિદ્યાર્થીએ અનોખી સિદ્ધિ મેળવી



સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલા શહેરની ઐતિહાસિક શાળા જે.વી. મોદી હાઈસ્કૂલમાં ધોરણ ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ધ્યેયરાજસિંહ અર્જુનસિંહ પરમારે IELTS ની પરીક્ષા કે જે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓએ પાસ કરવાની હોય છે તે પરીક્ષા પ્રથમ પ્રયત્ને તેમજ સાડા સાત બેન્ડ સ્કોર પ્રાપ્ત કરીને શાળા અને પોતાના પરિવારનું ગૌરવ વધાર્યું છે. પરમાર ધ્યેયરાજસિંહ અહીંની જાણીતી કાણકીયા કોલેજના પ્રોફેસર અર્જુનસિંહ પરમાર ના પુત્ર છે. ધોરણ ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ IELTS પાસ કરી હોઈ એ કદાચ સાવરકુંડલાની આ પ્રથમ ઘટના છે. ધ્યેયરાજસિંહની આ સફળ તા બદલ નુતન કેળવણી મંડળના તમામ ટ્રસ્ટીઓ, શાળાના આચાર્ય આશિષભાઈ જોશી તેમજ સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

## સાવરકુંડલાનાં ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડરેશન દ્વારા યુથ વિંગની ટીમની રચના




અમરેલી, તા.૧૫

ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડરેશન પ્રમુખ ઈકબાલ મેમણ ઓફિસરનું સ્વપ્ન અને મિશન કે ભારતની સમગ્ર મેમણ જમાતમાં યુવા ટિમ બને અને તેવો તેમની જમાત અને ફેડરેશનને મજબુત કરે અને સૌરાષ્ટ્રના મેમણ યુવાનો ફેડરેશન સાથે જોડાયને ફેડરેશન અને તેમની લોકલ જમાતની પ્રવૃતિમાં રસ લઈને આગળ આવે તે હેતુથી માર્ચ–૨૦૧૮ માં સૌરાષ્ટ્રમાં યુથ વિંગની સ્થાપનાં કરવામાં આવી.

સૌરાષ્ટ્ર યુથ વિંગ મજબુત બને તે હેતુથી ઓલ ઈન્ડિયા મેમણ જમાત પ્રમુખ ઈકબાલ મેમણ ઓફિસર અને યુથ વિંગનાં ચેરમેન ઈમરાન ફુટવાળા અને નેશનલ સેક્રેટરી યાસીનભાઈ ડેડાની મંજુરીથી સૌરાષ્ટ્ર ઝોનના ઉપપ્રમુખ, યુનુસભાઈ દંરડીવાલાનાં માર્ગદર્શન નીચે સાવરકુંડલા મેમણ જમાત પ્રમુખ આસિફભાઈ હિગોરા ચર્ચા કરીને સૌરાષ્ટ્ર ઝોનનાં યુથ વિંગ ઈન્ચાર્જ આદિલ દોલા અને કો–ઓર્ડિનેટર એઝાઝ નેવીવાલા અને કન્વીનર એડવોકેટ અજીમ લાખાણી દ્વારા એઆઈએમજેએફ સાવરકુંડલાનાં ઈન્ચાર્જ તરીકે ઈમરાન થારાણી (ઝમઝમ)ની નિમણુંક કરી છે. સાવરકુંડલામાં આગામી દિવસોમાં અનેક કેમ્પનું આયોજન કરવામાં આવશે.

આ નિમણુંકને સાવરકુંડલા મેમણ જમાત પ્રમુખ આસિફભાઈ હિંગોરા, ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડરેશન ઝોનલ સેક્રેરી અશરફભાઈ કાસ માણી, વસીમ ધાનાણી, ઈરફાન શેખાણી દ્વારા અવકારેલ છે.

## વડેરા : જનતા વિદ્યાલયમાં પતંગોત્સવની ઉજવણી



વડેરા, તા. ૧૫

જનતા વિદ્યાલય–વડેરા ખાતે પતંગોત્સવની સુંદર ઉજવણી કરવામાં આવેલ. વિદ્યાર્થી ભાઈઓ–બહેનો રંગબેરંગી પતંગો અને ફિરકીઓ લઈને સુંદર રંગીન પહેરવેશમાં પતંગોત્સવની મજા માણવા આવી પહોંચ્યા હતા. શાળાનાં મેદાનમાં સૌપ્રથમ વિદ્યાર્થી ભાઈઓએ પતંગો ઉડાવેલ. દરમ્યાન ''કાઈપો છે–ની બુમો પણ સાંભળવા મળેલ. ત્યારબાદ વિદ્યાર્થીની બહેનોએ પણ પતંગો ઉડાડેલ હતી. સાથે સાથે શિક્ષક ભાઈઓએ પણ પતંગો ઉડાડવાની મજા માણેલ હતી.

પતંગોત્સવનું આયોજન પંકજભાઈ દેવમુરારી બાપુ દ્વારા કરાયેલ તેમજ દરેકને પતંગો એનાયત કરેલ. પતંગોત્સવને સફળ બનાવવા માટે એન.બી. મહેતા, ધર્મેશભાઈ પંડયા, જે.પી. પડાયાએ જહેમત ઉઠાવે. સફળ પતગોત્સવનાં આયોજન બદલ શાળાનાં આચાર્ય મુકુંદભાઈ મહેતાએ દરેકને અભિનંદન પાઠવેલ.

નાનું લક્ષદ્વીપ શકિતશાળી મહારાષ્ટ્રને હરાવીને બીચ સોકર ગોલ્ડ જીત્યું

## દીવમાં યોજાયેલી પ્રથમ બીચ ગેમ્સમાં મધ્યપ્રદેશ ચેમ્પિયન બન્યું

**દીવમાં બીચ ગેમ્સના સફળ આયોજનથી બીચ પર રોમાંચક સ્પોર્ટ્સ ઈવેન્ટનો પાયો નખાયો છે : અનુરાગ ઠાકુર**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

દીવ, તા.૧૫

ભારતની સૌ પ્રથમ મલ્ટી સ્પોર્ટસ બીચ ગેમ્સ 'ધ બીચ ગેમ્સ ૨૦૨૪'નો આ કાર્યક્રમ દીવના બ્લુ ફલેગ સર્ટિફાઈડ ઘોઘલા બીચ પર યોજાયો હતો. આ રમતોમાં ભૂમિથી ઘેરાયેલું મધ્યપ્રદેશ ચેમ્પિયન તરીકે ઉભરી આવ્યું હતુ. મધ્ય પ્રદેશે ૭ ગોલ્ડ સહિત કુલ ૧૮ મેડલ સાથે મેડલ ટેલીમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. આ સિદ્ધિએ માત્ર મધ્ય પ્રદેશની ટુકડીની રમતગમતની શકિતનો જ પરિચય આપ્યો ન હતો, પરંતુ આ રાજયની અંદર વિકસિ રહેલી પ્રતિભાના ઊંડાણને પણ ઉજાગર કર્યુ હતું.

મહારાષ્ટ્રે ૩ ગોલ્ડ સહિત ૧૪ ચંદ્રકો જીત્યા, તમિલનાડુ, ઉત્તરાખંડ અને યજમાન દાદરા, નગર હવેલી, દીવ અને દમણ ૧૨–૧૨ મેડલ મેળવ્યા. આસામે ૮ મેડલ જીત્યા, જેમાંથી ૫ ગોલ્ડ હતા. એક ખૂબ જ રસપ્રદ બનાવમાં, લક્ષદ્વીપે બીચ સોકરમાં ગોલ્ડ મેડલ જીત્યો, જે આ પ્રાચીન ટાપુ વિસ્તાર માટે ઐતિહાસિક સિદ્ધિ છે. તેઓએ ભારે સંઘર્ષમય ફાઈનલમાં મહારાષ્ટ્રને ૫–૪ થી હરાવ્યું હતું.

લક્ષદ્વીપની જીતથી માત્ર ચંદ્રક વિજેતાઓની વિવિધતામાં જ વધારો થયો નથી, પરંતુ દીવ બીચ ગેમ્સે પણ –૨૦૨૪ સમાવેશી અને દેશવ્યાપી અસર પણ બતાવી છે.

૪–૧૧ જાન્યુઆરી સુધી રમતગમતની આ શ્રેષ્ઠતા તેની ટોચ પર હતી. આ સમય દરમિયાન ૨૦૫ મેચ અધિકારીઓના સહયોગથી ૨૮ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૨૧ વર્ષથી ઓછી ઉંમર ૧૪૦૪ રમતવીરોએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો.

આ રમતો દરરોજ ૨ સત્રોમાંવિભાજિત કરવામાં આવી હતી. સવારનું સત્ર સવારે ૮ શરૂ થતું અને બપોરે સમાપ્ત થતું હતું, આ પછી બપોરનું સત્ર યોજાયું હતું જે ૩ બપોરના સમયે શરૂ થતું. આ કાર્યક્રમથી યોગ્ય હવામાનમાં એથ્લેટ્સના પ્રદર્શનને માત્ર ઓપ્ટિમાઈઝ કરવામાં આવ્યું નથી, તેના બદલે ઉત્સાહી પ્રેક્ષકોને એક અનન્ય અને આકર્ષક દ્રશ્ય અનુભવ પણ મળ્યો.

આ સમય દરમિયાન રસાકસીમાં વ્યૂહાત્મક સહનશકિતનું પ્રદર્શન, દરિયાઈ તરણના આકર્ષક પરાક્રમો,પેંચક સિલાટની માર્શલ આર્ટ્સ કલાત્મકતા, મલ્લખમ્બના એક્રોબેટિક્સ, બીચ વોલીબોલનો ઝડપી ગતિશીલ કૂદકો, બીચ કબડ્ડીનું વ્યૂહાત્મક દ્વંદ્વયુદ્ધ અને બીચ સોકરની વીજળીક ચપળતા એકનાં કિક્સ અને લક્ષ્યો(બ) આ ઘટના કહેવાય છે એક અનન્ય ઊર્જાથી ભરપૂર.

બીચ બોક્સિંગના પદાર્પણથી આ ઈવેન્ટમાં ઉત્તેજનાનો એક વધારાનો સ્તર ઉમેરાયો. તે સહભાગીઓ અને પ્રેક્ષકો બંનેને મંત્રમુગ્ધ કરી દે છે અને દેશની એથલેટિક મુસાફરીમાં એક ખાસ ક્ષણ બની છે.

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત પ્રધાન અનુરાગ ઠાકુરે એક્સ (અગાઉ ટ્વિટર) પર આ કાર્યક્રમ માટે પોતાનો ટેકો અને ઉત્સાહ વ્યકત કર્યો હતો. તેમણે લખ્યું, 'ખેલૈયાઓની ઉર્જા અને દીવની સુંદરતાએ અગાઉ કયારેય ન જોયેલું વાતાવરણવણી લીધું છે.

તે મંત્રમુગ્ધ કરનાઢં અને પ્રોત્સાહક છે. તેમણે જણાવ્યું હતું કે, ભારતના દરિયાકિનારાને નવું જીવન આપવાની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટિએ ગુજરાતના દરિયાકાંઠાથી થોડે દૂર દીવમાં સૌપ્રથમ બીચ ગેમ્સનું આયોજન થતાં નવો વળાંક આવ્યો છે. ભૌગોલિક રીતે ભારતમાં વિશ્વના કેટલાક સુંદર બીચ છે. ભારતનું ૧૨ સમુદ્ર તટોને પ્રોત્સાહન આપતા વિશ્વના સૌથી સ્વચ્છ દરિયાકિનારા માટે દરિયાકિનારાને બ્લુ ફલેગનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. જોકે, દેશના ઘણા દરિયાકિનારાઓની લોકો એટલી મુસાફરી કરતા નથી, જેટલી કરવી જોઈએ. આથી દીવ બીચ ગેમ્સનું સફળ આયોજન એક ખુશીના સમાચાર છે.

પૂ. રતિદાદાનાં નેતૃત્વમાં સેવાની જયોત અખંડ

## ચલાલા ખાતે ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો

**કુલ ૧૯૮ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો**



ચલાલા, તા.૧૫

ચલાલા અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૬૨ મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો.

જેમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષ ગાંધીનગર તથા આયુર્વેદ શાખા જીલ્લા પંચાયત અમરેલી, તથા સરકારી આયુર્વેદ દવાખાનું ચાડીયા તથા સરકારી હોમીયોપોથી દવાખાનું સાવરકુંડલાના સંયુકત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી.

આ કેમ્પનો શુભારંભ મંગલ દિપપ્રગટયથી થયો હતો. આ પ્રસંગે સંસ્થાનાં વડા પુ.રતિદાદા તથા ડોકટરઓ દ્વારા દિપ પ્રગટય કરવામાં આવ્યું હતું.

રતિદાદાએ બધાને સારૂ થઈ જાય પછી બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. સાથે વ્યાસન મુકત રહેવું. સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી–મળીને રહેવું.

કિશોરભાઈ, મંજુબેન, રાજુલ, સેંજલ, અનુરાગ એન્ડ ટ્રીનામોદી, પરીત એન્ડ પારૂલ શાહ, કેનોન્સ, લંડનના આર્થીક સહયોગથી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ, રાજકોટ અને જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીનાં સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખનાં દર્દીઓની ચકાસણી કરવામાં આવી હતી. જે પૈકી ૪૮ દર્દીઓને રણછોડદાસબાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અન કેફોમશીન દ્વારા ઓપરેશન કેરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. દંતયજ્ઞમાં ડો. અવનીબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પુરી આપવામાં આવી.

આયુર્વેદિક કેમ્પમાં ડો.આરતીબેન અને પ્રકાશભાઈએ બધા દર્દીઓને તપાસ કરી દવાપણ વિનામૂલ્યે આપવામાં આવી હતી.

દીકરીઓ માટે હરિબા મહિલા આર્ટસ, કોમર્સ, બી.સી.એ અને સ્પોર્ટસ કોલેજચાલુ છે. જેનું પ્રવેશ કાર્ય શરૂ છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા મહેશભાઈ, મંજુલા તથા શીતલબેન વગેરે ખુબ જહેમત ઉઠાવી હતી.


હેપ્પી બર્થ–ડે...
સાવરકુંડલાની આલીયાનો આજે જન્મદિવસ હોય
પપ્પા : મુનાવરખાન પઠાણ,
મમ્મી : અસ્મા મુનાવરખાન,
દાદી : મુમતાજબેન મહેબુબખાન,
કાકા : અહેમદખાન, કાકા : શાહરૂખ ખાન
ચાચી : નીલોફરબેન શાહરૂખ ખાન,
દિકરો : અલીખાનની તેમજ લાડલી પુત્રી
ચિ. આલીયાના આજે જન્મ દિવસ નિમીતે
સમગ્ર પરિવાર તરફથી જન્મદિનની
ખુબ ખુબ શુભેચ્છા સહ આર્શિવાદ...
મુ. સાવરકુંડલા

ચિ. આલીયા


જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં

## બાબરામાં બી.આર.સી. ભવન ખાતે બ્લોક કક્ષાનાં રિસોર્સ રૂમમાં દિવ્યાંગ બાળકો સાથે પતંગ ઉત્સવની ઉજવણી

**દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૫

બાબરામાં બીઆરસી ભવન ખાતે અહીં બ્લોગ કક્ષાના રિસોર્સ રૂમમાં શહેર અને તાલુકા દિવ્યાંગ બાળકોને તાલીમી શિક્ષકો દ્વારા અભ્યાસની સાથે ઘડતર અને કેળ વણીનું શિક્ષણ આપવામાં આવે છે તેમજ દરેક તહેવારની ઉજવણી કરવામાં આવે છે જેમાં બાળકો ઉત્સાહ પૂર્વક ભાગ લે છે.

ત્યારે અહીં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મિયાણીના અધ્યક્ષ સ્થાને અને નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સોલંકીની ઉપસ્થિતિમાં પતંગ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

બહોળી સંખ્યામાં દિવ્યાંગ બાળકો અને તેમના વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે મિયાણી અને સોલંકીએ દિવ્યાંગ બાળકોને પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું. દિવ્યાંગ બાળ કોની સાથે પતંગ ઉત્સવની ઉજવણીમાં ખૂબ જ ઉત્સાહભેર મિયાણીએ અને સોલંકીએ ભાગ લીધો.સમગ્ર આયોજન બી.આર.સી.ભવન બાબરાના આઈ.ઈ.ડી.કો. સ્ટાફે ઉત્સાહભેર કરેલ હતું.

# ચલાલા : હરિબા મહિલા કોલેજ ખાતે સ્વામી વિવેકાનંદ જન્મ જયંતીની ઉજવણી કરાઈ



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત હરિબા મહિલા કોલેજ ખાતે સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણીનાં ભાગરૂપે સુંદર રમત ગમત સ્પર્ધા યોજાઈ હતી. જેમાં દરેક દીકરીઓએ સંગીતખુરશી, રસ્સા ખેંચ, લંગડી, ત્રિપગી દોડ, કોથળા દોડ, લીંબુ ચમચી જેવી રમતોમાં ભાગ લીધો હતો. આ રમતોત્સવનું શુભ ઉદ્ઘાટન આ વિસ્તારનાં ધારાસભ્ય જે.વી. કાકડિયા, નગરપાલિકાનાં ઉપપ્રમુખ જયરાભાઈ વાળા, ભયલુભાઈ વાળા, પ્રકાશભાઈ કારીયા, દેવકુભાઈ વાળા, યુવા પ્રમુખ વનરાજભાઈ જેબલિયા, અવિભાઈ માલા, હિરેનભાઈ માળવીયા વગેરે મહેમાનોએ કર્યું હતું. આ સમગ્ર મહેમાનોનું પૂ.રતિદાદા દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રમતોત્સવ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પ્રથમ, દ્વિતિય, અને તૃતીય નંબર આવેલ દીકરીઓને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેક્ટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, આચાર્ય શીતલબેન મહેતા તેમજ સમગ્ર સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

## રાજુલામાં સમસ્ત મુસ્લિમ દ્વારા સમૂહ શાદી કાર્યક્રમ યોજાયો



રાજુલા, તા. ૧૫

રાજુલા ખાતે વિશ્વાસ એજયુકેશન એન્ડ ચેરટેબલ ટ્રસ્ટ અને સમસ્ત મુસ્લિમ સમાજ રાજુલા દ્વારા બીજા સમુહ શાદીનું આયોજન આહીર સમાજનાં ગેટ સામે યોજવામાં આવેલ હતો. આ સમુહ શાદી સમારોહમાં પચીસ યુગલો લગ્નગ્રંથીથી જોડાયા.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને પીરે તરિકત સૈયદ પીરબાપુ ઉના વાળા તેમજ ડુંગરના સૈયદ નજીરબાપુ કાદરી અને મોટી સંખ્યામાં સદાત તેમજ અમરેલી, મહુવા, સાવરકુંડલા, ખાંભા, જાફરાબાદ, ડુંગર, આસરાના તેમજ આજુબાજુના તાલુકા અને ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં હાજર રહેલ. આ કાર્યક્રમ ના એક માત્ર દાતા આરિફભાઈ જોખીયા જે સમસ્ત મુસ્લીમ સમાજ રાજુલા અને વિશ્વાસ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ છે તે રહ્યા. કાર્યક્રમમાં આરીફભાઈ જોખિયા અને મહેબુબભાઈ જોખીયાનું આગેવાનો દ્વારા કરવામાં આવેલ છે. કાર્યક્રમનું સંચાલન વકીલ રાજુભાઈ જોખીયાએ કરેલ.

આ કાર્યક્રમમાં શિક્ષણવીદ અને નિવૃત્ત પૂર્વ બીઆરસી રહીમભાઈ કનોજિયાએ મુસ્લીમ સમાજમાં રહેલા કુરિવાજ, કુટેવ દૂર કરી લગ્નમાં ખોટા ખર્ચા બંધ કરી તેમજ લગ્નની અંદર શરિયત વિરૂદ્ધના કુરિવાજો અને મોટા જમણવાર બંધ કરવા જણાવેલ. સાથે સાથે મુસ્લીમ સમાજમાં શિક્ષણનું પ્રમાણ ખુબ ઓછું હોય તમામ પરિવાર પોતાના ખોટા ખર્ચ ઓછા કરી બાળકોના શિક્ષણમાં ખાસ અંગત ધ્યાન આપે તે બાબત ભાર પૂર્વક જણાવી. સમગ્ર કાર્યક્રમ રાજુલામાં સમસ્ત મુસ્લીમ સમાજની જુદી જુદી યુવા ટીમોએ સફળતા કાર્ય કરી કાર્યક્રમ સફળ બનાવેલ છે. આ તકે સમસ્ત મુસ્લીમ સમાજના પ્રમુખ આરીફભાઈ જોખિયાએ તમામ જમાતના પ્રમુખ, બહાર ગામથી આવેલ તમામ આગેવાનો, કામમાં જોડાયેલ તમામ કમિટિઓ તેમજ પત્રકાર મિત્રોનો હૃદયથી આભાર માનેલ હતો.

## પાણીયા ગામનું ગૌરવ : હિરલ વિરડીયા



અમરેલી, તા. ૧૫

પાણીયા પ્રાથમિક શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની વિરડીયા હિરલ સંજયભાઈએ મુંબઈ દ્વારા આયોજિત રંગોત્સવ સેલિબ્રેશન ૨૦૨૩ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્કેચ અને ટેટુ મેકિંગ સ્પર્ધામાં ક્રમશઃ સિલ્વર અને ગોલ્ડ મેડલ મેળવી શાળાનું તેમજ તેમના પરિવારનું અને ગામનું નામ રોશન કરેલ છે. તે બદલ તેમને શાળા પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવેલ છે.

## જાબાળ ગામે નવી પ્રાથમિક શાળા નાં મકાનનું ભૂમીપૂજન કરાયુ



અમરેલી, તા. ૧૫

સાવરકુંડલા તાલુકાના જાબાળ ગામના પેટા પરા શાંતીનગર ગામે સરકારે મંજુર કરેલ પ્રાથમિક શાળાના મકાનનું ભૂમિપુજન જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન પ્રતીનીઘી ભીખાભાઈ ઘોરાજીયા અને જીલ્લા પંચાયત સદસ્ય શરદભાઈ ગેદાનીના વરદ હસ્તે યોજાઈ ગયેલ.

આ પ્રસંગે સાવરકુંડલા માર્કેટયાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણી, સાવરકુંડલા તાલુકા ભાજપ મહામંત્રી ચેતનભાઈ માલાણી, જીલ્લા પંચાયત સિંચાઈ સમીતીના ચેરમેન પ્રતિનીઘી લાલભાઈ મોર, એ.પી.એમ.સી. ડાયરેકટર અતુલભાઈ રાદડીયા, લીલીયા તાલુકા ભાજપ મહામંત્રી ગૌતમભાઈ વિંછીયા, સરપંચ જયદીપભાઈ ખુમાણ, ઉપસરપંચ સહીત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.શાંતીનગર ગામે પ્રાથમિક શાળાનું બિલ્ડીંગ અતિ જર્જરીત થઈ ગયેલ હોય, ઘણાં સમયથી કલાસ રૂમના અભાવે શાળાને ખાનગી મકાનમાં ફેરવી શિક્ષણ કાર્ય કરવામાં આવતુ હતું. આ અંગે સરપંચ અનેતેની ટીમે સતત અને સફળ રજુઆતો કરતા ઘારાસભ્ય અને સાંસદના સફળ પ્રયત્નોથી રૂા.૧૮.૩૪ લાખ સરકારની સર્વ શિક્ષા યોજનામાંથી મંજુર થતા આ શાળાનું ભૂમીપુજન કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે ચેરમેન અને ઉપસ્થિત મહાનુભાવોએ દરેક નાગરીકોને સ્થાનીક લેવલે આ કામ કવોલીટી મુજબ અને મજબુત થાય તે માટે સૌએ દેખરેખ અને કાળજી રાખવા અનુરોઘ કરેલ હતો.

## રાજુલા : અબોલ પક્ષીઓ બચાવ અભિયાન અંતર્ગત વકૃત્વ સ્પર્ધા યોજાઇ



રાજુલા, તા. ૧૫

રાજુલા અબોલ પક્ષીઓ બચાવ અભિયાન અંતર્ગત વકૃત્વ સ્પર્ધાનું આયોજન રાજુલા પુર્વ પ્રમુખ નગરપાલિકા ચિરાગ બી. જોષી દ્વારા ગાંધી બાલ મંદિર ખાતે સફળ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિધાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધો પ્રથમ, દ્વિતીય, ત્રીજા ક્રમે ઈનામ શિલ્ડ એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટયથી કરવામાં આવી હતી. જેમાં એસીએફ વાઘેલા , રાજુલા જાફરાબાદ આરએફઓ રાજલબેન પાઠક, ખાંભા વનવિભાગ રાજયગુરૂ, વાઘભાઈ એન.જી.ઓ. સંસ્થા, ચંદુભાઈ પટેલ, પ્રવિણભાઈ જાની, શહેરના વિવિધ સંસ્થાઓ, આગેવાનો, ચેમ્બર ઓફ કોમર્સ ગૌરાંગ મહેતા, આગેવાનો ઈસ્માઈલભાઈ ચૌહાણ, ઈનાયતભાઈ મેડિકલ એસોસીએશન, શાળા આચાર્ય સીમાબેન, કન્યા વિદ્યાલય શિક્ષકો વાલીઓ હાજર રહ્યા હતા . મારૂતિ ધામ મંદિર વિશ્વ હિન્દુ પરિષદ પ્રમુખ યુવરાજભાઈ ચાંદુ, ભકતમંડળ કે.જી. ગોહિલ, મુકેશભાઈ આચાર્ય, ધમેન્દ્રભાઈ જોષી, રાજાભાઈ તથા મનીષભાઈ વાઘેલા, સત્સંગ મંડળ મશરૂભાઈ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગિક પ્રવચન વનવિભાગ એસીએફ વાઘેલા, રાજલબેન પાઠક આર.એફ.ઓ, ખાંભા મુકેશભાઈ આચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું. મકરસંક્રાંતિ ઉત્તરાયણ અબોલ પક્ષીઓ બચાવ જાગૃતિ કરવામાં આવી હતી. ચાઈનીઝ દોરી ન વાપરવા અપિલ કરવામાં આવી હતી. ઈનામ વિતરણ કરેલ હતું, પુર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી નિર્વાણ દિન હોય શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન પૂર્વ પ્રમુખ નગરપાલિકા ચિરાગ બી. જોષી દ્વારા કરેલ હોય, કાર્યક્રમ સફળ બનાવવા જહેમત કેતનભાઈ દવે, જશુભાઈ દવે, ચેતનભાઈ ઠાકર, મનસુખભાઈ વાઘેલાએ ઉઠાવી હતી. વિજેતા પ્રથમ કાતરીયા રૂચિતા ભવાનભાઈ જીંજાળા, આશિષ બીજા ક્રમે, બુધેલા મીરાબેન મધુભાઈ ચૌહાણ, હેતલબેન અશોકભાઈ, ત્રીજા ક્રમે બાંભણીયા ભગવતીબેન દેવશીભાઈ, અર્શ સૈફુલ્લા વિજેતા પ્રથમ દ્વિતીય ત્રીજા છ ને શિલ્ડ એનાયત કરવામાં આવ્યા હતા. રાજુલા નેચર કલબ પ્રમુખ વિપુલભાઈ લહેરી દ્વારા જણાવાયું હતું કે છેલ્લા ઘણાજ વર્ષોથી પક્ષીઓ બચાવ કાર્યો સાથે જોડાયેલા છીએ. વનવિભાગ સંપૂર્ણ સહકાર મળે છે. પુર્વ પ્રમુખ નગરપાલિકા ચિરાગ બી. જોષી દ્વારા જણાવાયું હતું કે વિવિધ સંસ્થાઓ સહકાર તથા શિક્ષણ વિભાગનો સહયોગ મળ્યો છે. વિસ જેટલા વિદ્યાર્થી ભાઈ બહેનો ભાગ લીધો હતો.

વિજેતા દ્વારા જણાવાયું હતું કે, પક્ષીઓ બચાવ અભિયાનથી જાગૃતિ વધી અમને પણ અબોલ પક્ષીઓ બચાવ અભિયાન ભાંગ લેવાથી ઉત્સાહ વધ્યો છે આભાર વિધિ રાજુલા નેચર કલબ પ્રમુખ વિપુલ ભાઈ લહેરીએ કરી હતી અને જો ઘાયલ પક્ષીઓ દેખાય તો રાજુલા નેચર કલબ અને વનવિભાગને જાણ કરશો.

## ચલાલાનાં હવેલી માર્ગ ઉપર મસમોટા ખાડાથી પરેશાની



ચલાલા, તા. ૧૫

ચલાલા શહેરનાં મુખ્ય માર્ગો અને ગલીખાચાનાં રોડ રીપેરીંગ માટે રોડ રી સરફેસીંગ યોજના અંતર્ગત ૭૦ લાખ રૂપિયા જેવી માતબર રકમ સરકારએ નગરપાલિકા ચલાલાને ફાળવેલ છતાં પણ એક રોડ પણ રીપેરીંગ કર્યો હોય તેવું માલુમ પડતું નથી અને બધા રોડ રસ્તા મગરમચ્છની પીઠ જેવા છે તો સીતેર લાખનું શું થયું છે તે શહેરીજનોને સમજાતું નથી.

# ઉના : બીએપીએસ સ્વામીનારાયણ મંદિર ખાતે શાકોત્સવ તેમજ અક્ષત કળશનું સંતો દ્વારા વેદોક્ત વિધિથી પૂજન



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉનાના ભાવનગર રોડ પર બની રહેલ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે મકરસંક્રાંતિના દિવસે રવિ સભા તેમજ શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યોજાયેલ શાકોત્સવ કાર્યક્રમમાં સંતોએ પોતાના હાથે રસોઈ બનાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે દર વર્ષે શિયાળાની ઋતુમાં બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થામાં શાકોત્સવની ઉજવણી થાય છે. જેમાં રીંગણાનું શાક, બાજરાનો રોટલો, કઢી, ખીચડી, મોહનથાળ સહિતના પકવાન બનાવાય છે અને મોટી સંખ્યામાં હરિભકતો દર્શનાર્થે ઉમટી પડીને શાકોત્સવનો પ્રસાદ માણે છે ભગવાન સ્વામિનારાયણે પોતે રીંગણાનું શાક બનાવીને હરિભકતોને પ્રસાદ વહેચ્યો હતો. ત્યારથી દર વર્ષે આ પરંપરા સ્વામિનારાયણ સંપ્રદાયમાં ચાલી આવે છે. તેમજ સાંજના સમયે અક્ષત કળશ યાત્રા પધારી હતી. આ અક્ષત કળશને પાલકીમાં પધરાવી બાળકો અને હરિભકતો દ્વારા કળશને વધાવીને પાલકી યાત્રા કાઢવામાં આવી હતી. આ અક્ષત કળશનું મહુવા તેમજ સાળંગપુરથી પધારેલ સંતોએ વેદોકત વિધિથી પૂજન અર્ચન કર્યુ હતું. રવિ સભામાં હાજર રહેલ બે હજારથી વધુ હરિભકતોના જય શ્રી રામના ગગનભેદી જય જય કારથી સમગ્ર વાતાવરણ રામમય બન્યું હતું. આગામી ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં યોજાનાર શ્રીરામ મંદિર પ્રતિષ્ઠા વિધિનો દિવસ પ્રત્યેક હિંદુ માટે દિવાળી કરતા વિશેષ દિવસ હોય આ દિવસે દિવાળીના તહેવારની જેમ ઘરે–ઘરે રંગોળી બનાવી, દીપ પ્રગટાવી, ભગવાનને થાળ ધરાવી વિશેષ આયોજન કરવાની તેમજ આ દિવસે મંદિરમાં ધૂન–આરતી તેમજ લાઈવ ટેલિકાસ્ટ વિશાળ સ્ક્રીન ઉપર બતાવવામાં આવશે. જેમાં વધુને વધુ હરિભકતો સહિતનાઓ ઉપસ્થિત રહે તેવી સંતો દ્વારા અપીલ કરવામાં આવી હતી. આ દિવ્ય શાકોત્સવ સભામાં સાધુ અખંડમંગળદાસ, સાધુ વિરાગકુશળદાસ, સાળંગપુરથી પધારેલ વિદ્યાર્થી અને વિદ્વાન સંતો, ભાજપ અગ્રણી હરિભાઈ બોઘાભાઈ સોલંકી, વિ હિન્દુ પરિષદના નીપુલ શાહ, ભાવેશ સાંખટ, યશવંત બાંભણિયા, ચિંતન ગઢીયા, રસિક ચાવડા તથા હરિભકતો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલયમાં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતીની ઉજવણી કરાઈ



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય ખાતે સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણીનાં ભાગરૂપે સુંદર રમત ગમત સ્પર્ધા યોજાય હતી. જેમાં દરેક એલ.કે.જી થી ૧૨નાં વિદ્યાર્થીઓએ સંગીત ખુરશી, રસ્સા ખેંચ, લંગડી, ત્રિપગી દોડ, કોથળા દોડ, લીંબુ ચમચી જેવી રમતોમાં ભાગ લીધો હતો. આ રમતોત્સવનું શુભ ઉદ્ઘાટન આ વિસ્તારનાં નગરપાલિકાનાં ઉપપ્રમુખ જયરાજભાઈ વાળા, ભયલુભાઈ વાળા, યુવા પ્રમુખ વનરાજભાઈ જેબલિયા, હિરેનભાઈ માળવીયા વગેરે મહેમાનોએ કર્યુ હતું. આ સમગ્ર મહેમાનોનું પૂ. રતિદાદા દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રમતોત્સવ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, આચાર્ય શીતલબેન મહેતા તેમજ સમગ્ર સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

### અયોધ્યામાં શ્રીરામ મંદિરનાં પ્રતિષ્ઠા મહોત્સવને લઈને

## અમરેલીનાં સુપ્રસિધ્ધ રામજી મંદિર ખાતે ધાર્મિકોત્સવની ઉજવણી કરાશે

### શીતલ પરિવાર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ

અમરેલી, તા.૧૫

અમરેલી : શ્રીરામ મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અયોધ્યાનાં ઉપક્રમે શ્રી રામજી મંદિર બાલભવન સામે ખાતે ભવ્ય ધાર્મિક ઉત્સવનું આયોજન નિમિત માત્ર શીતલ પરિવાર (DJBS FOUNDATION) દ્વારા કરવામાં આવેલ છે. આ ધાર્મિક પ્રસંગે શ્રી રામજી મંદિરને ફુલહાર, લાઈટિંગ, ડેકોરેશનથી પાંચ દિવસ માટે ભવ્યાતી ભવ્ય રીતે સુશોભીત કરવામાં આવશે.

તા.૨૧/અને ૨૨/૧/૨૦૨૪ રવિવાર અને સોમવાર દર્શન લાભ લેવો ૨૨/૧/૨૪ સોમવારે બપોરે ૧૧:૪૫ કલાકે, સાંજે ૭ કલાકે રાત્રે ૧૨ કલાકે રામ લલ્લાની સમુહમાં આરતીનું આયોજન કર્યુ છે. તેમજ બપોરે ૧૨ વાગ્યાથી રાત્રિનાં ૧૨ વાગ્યા સુધી અખંડ રામધુન – હનુમાન ચાલીસાનાં પાઠ અને બપોરે ૧૨:૨૨ કલાકે અયોધ્યાથી પ્રસારિત થનાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનાં લાઈવ પ્રસારણને એલ.ઈ.ડી. (મોટી સ્ક્રીન) માધ્યમથી નિહાળવાનું પણ ધાર્મિક અને ભકિત ભાવપુર્ણ આયોજન થયેલ છે.

આ ધાર્મિક પ્રસંગમાં બંને દિવસ સહ પરિવાર પધારી શ્રી રામ મંદિરનાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે આરતી લાભ દર્શન લાભ–નામ સ્મરણ લાભ લેવા રામજી મંદિરે બાલભવન સામે, અમરેલી પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

Sheetal ICE CREAM | DJBS FOUNDATION શીતલ સેવા ટ્રસ્ટ


CHANGE OF NAME

I hereby declare Mamtaben Kiritbhai Humbal My old name has been changed from Mamtaben Kirit Kumar Humbal to Mamtaben Kiritbhai Humbal so from now i will be known by this name.

નામ બદલાવેલ છે

આથી હું જાહેર કરનાર, મમતાબેન કિરીટભાઈ હુંબલ મારૂ જુનું નામ મમતાબેન કિરીટકુમાર હુંબલ માંથી બદલીને મમતાબેન કિરીટભાઈ હુંબલ કરેલ છે. તો હવે થી હું આ નામથી ઓળખાઈશ.

નામ બદલાવેલ છે

આથી હું જાહેર કરનાર, કુલદીપ દેવચંદભાઈ ધાનાણી મારૂ જુનું નામ કુલદીપભાઈ દેવચંદભાઈ ધાનાણી માંથી બદલીને કુલદીપ દેવચંદભાઈ ધાનાણી કરેલ છે. તો હવે થી હું આ નામથી ઓળખાઈશ.


પાના ૮ ઉપરનું ચાલું

### અમરેલી જિલ્લામાં પતંગ રસિયાઓએ

ગીતો અને પોપ્યુલર ગુજરાતી ગીતો વગાડતા પતંગરસિયા લોકો 'રામ આયેંગે આયેંગે આયેંગે'ના સોંગથી મકરસંક્રાંતિ પર્વની ઉજવણી કરતા જોવા મળતા હતા.

નવી પેઢના યુવાનો રામ મંદિર બાબતે એટલા બધા જાગૃત અને ઈમોશનલ છે કે પુછોના વાત. દરેક અગાશી પર રામ મંદિરના જ ગીતો વાગે છે. ત્યારે નરેન્દ્ર મોદી જે મનમાં વિચારે તે દેશના લોકો દિલમાં ઝીલી લે છે તેવું સુંદર ટ્વીટ અમરેલી ભાજપના ડો. ભરત કાનાબારે પ્રધાનમંત્રીને ટેગ કર્યુ હતું.

વડાપ્રધાન મોદીને ઈરે જ મંદિર નિર્માણ, દેશ નિર્માણ અને ૩૭૦ કમલને હટાવવા મોકલ્યા છે તેવું લગભગ દેશની તમામ પ્રજા માનતી થઈ ગઈ છે. અને મોદીના મનની વાત દેશવાસીઓના હૃદયમાં ઉતરી જતી હોવાની પ્રતીતિ ગઈકાલે ઉતરાયણ પર્વ પર અમરેલી જિલ્લાની અગાસીમાં જોવા મળી હતી.


"અમરેલી એકસપ્રેસ"

અમારૂ ઇ–મેઇલ એડ્રેસ

"અમરેલી એકસપ્રેસ"ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ amreliexpress7@gmail.com પર સંદેશાઓ મોકલવા.

"અમરેલી એકસપ્રેસ" દૈનિક જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


## અવસાન નોધ

મૂળ દેવળા નિવાસી હાલ ધારીનાં રહીશ જીતુભાઈ તથા અશોકભાઈ તથા સ્વ. રાજુભાઈ તથા બકુલભાઈ હિંમતલાલ જોષી તથા દક્ષાબેન કલ્પેશકુમાર મહેતાના માતૃશ્રી ભાનુબેન હિંમતલાલ જોષી (ઉ.વ. ૮૨)નું આજરોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું ગુરૂવારે તા. ૧૮/૧/૨૪નાં રોજ ૩ થી ૬ સમસ્ત બ્રહ્માસમાજની વાડી ધારી ખાતે રાખેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

### કુંકાવાવનાં શૈલેષભાઈ ભેસાણીયાનાં

શિવરાજભાઈ ધાધલ તુરંત ઘટના સ્થળ પહોંચી તપાસ કરતાં શૈલેષભાઈને ગળાના ભાગે ગંભીર ઈજા થયેલ હતી. ઈએમટી રાજુભાઈએ જરૂરી સ્ટ્રેચરમાં દર્દીને લઈ wound care આપી હતી અને અમદાવાદ ઓફિસમાં ડોકટરના માર્ગદર્શન પ્રમાણે જરૂરી મેડિકલ સારવાર આપી હતી. સરકારી હોસ્પિટલ કુંકાવાવથી અમરેલી સિવિલ હોસ્પિટલ સારવાર સાથે ખસેડવામાં આવ્યાં હતાં અને તેમની અમૂલ્ય જિંદગી બચાવી હતી. અમરેલી જિલ્લા પ્રોગ્રામ મેનેજર દિલીપ સોલંકી તથા જિલ્લા અધિકારી યુવરાજસિંહ ઝાલાએ સારી કામગીરી કરવા બદલ સ્ટાફને બિરદાવ્યા હતા. ગઈકાલે મકરસંક્રાંતિના પર્વ પર અમરેલી જિલ્લાની ઈમરજન્સી કોલ ૧૦૧ જેટલા હતા. જે દરરોજ કરતા ૨૦% જેટલા વધારે હતા.

પાના ૧ ઉપરનું ચાલું

### ''પાસા'' હેઠળ અટકાયત

ગુનાઓ આચરતા ભયજનક ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને તે માટે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસે જિલ્લામાં ચોરીઓના ગુનાઓ કરતા ઈસમો વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્તો તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલી મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ અમરેલી તરફ મોકલી આપેલ હતા.

અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ મિલ્કત સબંધી ગુનાઓ આચરતા ઈસમો વિરૂધ્ધ પાસાના વોરંટો ઈસ્યું કરતાં અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના મુજબ એલ.સી.બી. ટીમ દ્વારા આરોપી ગોવિંદસીંગ નાનકસીંગ બાવરી (ચીખલીગર), રહે. મોટી કુંકાવાવ, (મુળ રહે. વડોદરા)ને મધ્યસ્થ જેલ, સુરત ખાતે તથા બીજા આરોપી સુરેન્દ્રસીંગ સંતોકસીંગ ડાંગી (ચીખલીગર), રહે. ગોંડલવાળાને જિલ્લા જેલ, મહેસાણા ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

### લાલાવદરનાં કૂવામાંથી મળી આવેલ

દ્વારા ત્રણેયના મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા લાશને ભાવનગર મેડીકલ કોલેજમાં ફોરેન્સિક વિભાગમાં મોકલી આપેલ હતી.

મરણ જનારની લાશોના પોસ્ટ મોર્ટમ દરમિયાન ગળાના ભાગે ઈજાના નિશાનો તેમજ માથાના ભાગે ઈજાના નિશાનો મળી આવતા મરણ જનાર ત્રણેય ઈસમોની હત્યાઓ થયેલ હોવાનું અને હત્યા કરી પુરાવાનો નાશ કરવા ત્રણેય મરણજનાર લાશોને કુંવામાં નાખી દીધેલ હોવાની હકિકત જણાય આવતા, મરણ જનાર મુકેશના ભાઈ રાજુ ઉર્ફે રાઘુ ઉર્ફે સુરેશ અંતરીયાભાઈ દેવરખીયા, (રહે. ચકકરગઢ ગામની સીમ, તા. જિ. અમરેલી) વાળા ફરીયાદ આપતાં અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો. કલમ ૩૦૨, ૨૦૧ મુજબનો ખુનનો ગુન્હો નોંધાયો હતો.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે ઉપરોકત ખુનનો ગુન્હાનો ભેદ ઉકેલવા અને ગુન્હાની વિગતોનો ઉંડાણપુર્વક અભ્યાસ કરી, ખુન જેવા ગંભીર પ્રકારના ગુન્હાને ડીટેકટ કરવા અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ. એ. એમ. પટેલને જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે એલ.સી.બી. ટીમ તથા એસ.ઓ.જી. અમરેલી પોલીસ ઈન્સ.આર.ડી. ચૌધરી તથા પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનના પોલીસ સબ.ઈન્સ. પી.બી. લકકડ તથા ખાંભા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ. કે.ડી. હડીયા તથા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ સબ. ઈન્સ. આર.જી. ચૌહાણની અલગ અલગ ટીમો બનાવી આરોપીઓ અંગે જીણવટભરી તપાસ હાથ ધરવામાં આવેલ હતી.

અમરેલી તાલુકાના લાલાવદર ગામની સીમમાં મરણ જનારની લાશો મળી આવેલ હોય તેની આજુબાજુના વિસ્તારોમાં ખેત મજુરી કરતાં ઈસમોની પુછપરછ કરવામાં આવેલ તેમજ આ કામે મરણ જનાર સાથે સંકળાયેલ ઈસમોની અને શંકાસ્પદ હિલચાલ ધરાવતાં મજુરો અંગે તપાસ કરી અજાણ્યા આરોપીને શોધી કાઢવા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવેલ હતા. આ તપાસ દરિયાન અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ.એ.એમ. પટેલને અંગત બાતમીદાર તથા ટેકનીકલ સોર્સ મારફતે મળેલ માહિતી આધારે અલગ અલગ વિસ્તારમાંથી ત્રણ શકમદ બબલુ ઉર્ફે પ્યારસિંહ ઉર્ફે ભોલો ભુરસિંહ વસુનીયા, (રહે. મધ્યપ્રદેશ હાલ રહે. હાડીડા ગામની સીમ, તા. સાવરકુંડલા), મેરસિંહ તીનચીયા પારદીયા, (રહે. મધ્યપ્રદેશ, હાલ રહે. હાડીડા ગામની સીમ, સાવરકુંડલા) તથા ઈન્દ્ર કિશન વસુનીયા, (રહે. મધ્યપ્રદેશ, હાલ રહે. લાઠી ગામની સીમમાં) વાળા ઈસમોને પકડી, રાઉન્ડઅપ કરી તેમની સઘન પુછપરછ કરતાં તે આ ત્રણેય ઈસમો તથા અન્ય એક આરોપી ભુરા મોહન બામનીયા, (રહે. મધ્યપ્રદેશ હાલ રહે. જામ કંડોરણા ગામની સીમ, જિ. રાજકોટ) વાળા સાથે મળી ખુનનો ગુનો આચારેલ હોવાની કબુલાત આપેલ હતી. આ બનવાનો નાસતો ફરતો આરોપી ભુરા મોહન બામનીયાને ઝડપી પાડવા પોલીસે ચક્રોગતિમાન કર્યા છે.

આ બનાવમાં નાસતો ફરતો આરોપી ભુરા મોહન બામનીયા અગાઉ લાલાવદર ગામની સીમમાં વાડી ભાગવી રાખી રહેતો હતો અને ગત દિવાળીના તહેવાર પછી આ ભુરા મોહનની દીકરીનું બીમારીના કારણે મોત થયેલ હતું. આ મોત પાછળ મરણ જનાર મુકેશની ઘરવાળી મરણ જનાર ભુરીએ તાંત્રીક વિધી કરેલ હોવાનું અને આ ભુરી ડાકણ હોવાનું ભુરા મોહન બામનીયાને વહેમ હતો જેથી ભુરા મોહન બામનીયા ત્યાંથી બીજે કામ અર્થે જતો રહેલ હતો. બાદમાં આરોપી ભુરા મોહન તથા ઝડપાયેલા આરોપી બબલુ ઉર્ફે પ્યારસિંહ ઉર્ફે ભોલાનો કુટુંબી બનેવી થતો હોય તેમજ બીજો ઝડપાયેલ આરોપી ઈન્દ્ર કિશનનો કુટુંબી સગો થતો હોય અને આ બન્નેને મરણ જનાર મુકેશ તથા તેની ઘરવાળી ભુરીને મારી નાખવાનો પ્લાન બનાવેલ અને પોતે જયારે ફોન કરે ત્યારે બન્નેએ સાથે આવવાનું નકકી કરેલ હતું.

બાદમાં ગત તા. ૧૦ ના રોજ આરોપી ભુરા મોહને આરોપી ઈન્દ્રને ફોન કરેલ અને કહેલ કે હું લાઠી આવું છું, તું તૈયાર રહેજે. આપણે લાલાવદર ગામે જવાનું છે. જેથી ઈન્દ્રએ તેની સાથે આવવાની હા પાડેલ અને પછી આરોપી ભુરા મોહને બબલુને ફોન કરી અમરેલી બોલાવેલ અને કહેલ કે આપણે લાલાવદર ગામે કામ ઉતારવા જવાનું છે અને તારી સાથે મેરસિંહને લેતો આવજે. હું તમારી અમરેલી રાહ જોઈશ તેમ વાત કરતા બબલુએ તેના કુટુંબી કાકા મેરસિંહને આ ભુરા મોહને મુકેશ તથા તેની ઘરવાળી ભુરીને મારી નાખવા બાબતે કરેલ પ્લાનની વાત કરેલ અને ત્યારે બબલુ તથા મેરસિંહ બન્ને મોટર સાયકલ લઈ અમરેલી આવવા નિકળેલ હતા.

બાદ ભુરા મોહન તેમનું મોટર સાયકલ લઈ લાઠી આવેલ અને લાઠીથી ઈન્દ્રને સાથે લઈ અમરેલી બાયપાસ રોડ ઉપર આવેલ હતો. અમરેલી બાયપાસ રોડ ઉપર બબલુ તથા મેરસિહ બન્ને મોટર સાયકલ લઈને આવતા ચારેય જણા બે મોટર સાયકલ લઈને લાલાવદર ગામની સીમમાં મુકેશની વાડીએ જવા નીકળેલ હતા અને બાદ આ ચારેય આરોપી લાલાવદર ગામે મુકેશની વાડીએ આશરે રાતના બારેક વાગ્યા પછી પહોંચેલ હતા. મુકેશ તથા તેની ઘરવાળી ભુરી તથા મુકેશની બહેન ત્રણેય વાડીની ઓરડીમાં સુતા હોય, મેરસિંહએ ઓરડી બહાર ધ્યાન રાખવા ઉભો રહેલ અને બાકીના ત્રણેય આરોપી ઓરડીની અંદર જઈ, બબલુએ મરણ જનાર મુકેશનું ગળુ પકડી, ગળાચીપ આપી, ગળામાં ચુંદડી વીટી દીધેલ હતી અને મુકેશનું મોત નિપજાવેલ હતું. જયારે ભુરા મોહને મુકેશની ઘરવાળી ભુરીને ગળાચીપ દઈ, ગળામાં દોરી વીટી ભુરીનું મોત નિપજાવેલ હતું. બાદ મુકેશની નાની બહેન જાનુબેનને ઈન્દ્રએ ગળાચીપ દઈ મોત નિપજાવેલ હતું. બાદમાં ચારેય આરોપીએ ગોદડાની જોળી બનાવી મુકેશ, તેની ઘરવાળી ભુરી તથા મુકેશની બહેન જાનુને તેમાં સુવડાવી વારા ફરતી વાડીના કુવામાં ફેંકી દઈ અને આરોપી ભુરા મોહન તેની મોટર સાયકલમાં આરોપી ઈન્દ્રને બેસાડી, ઈન્દ્રને લાઠી ઉતારી પોતે જામકંડોરાણા જતો રહેલ અને બબલુ તથા મેરસિંહ તેમનું મોટર સાયકલ લઈ હાડીડા પોતાની ભાગવી રાખેલ વાડીએ જતા રહેલ હતા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૫૦ | ૧૪૬૦ |
| ૨ | મગફળી | ૧૧૯૦ | ૧૨૫૦ |
| ૩ | ચણા | ૮૮૦ | ૧૦૨૦ |
| ૪ | ઘઉં | ૪૬૦ | ૬૨૦ |
| ૫ | તુવેર | ૧૫૧૫ | ૧૮૨૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૬૫ | ૧૨૮૬ |
| ૨ | શિંગ મોટી | ૯૧૫ | ૧૩૯૯ |
| ૩ | તલ સફેદ | ૨૨૪૦ | ૩૬૮૦ |
| ૪ | તલ કાળા | ૨૨૦૦ | ૩૨૬૫ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૭૮૫ | ૪૧૭૬ |
| ૬ | બાજરો | ૪૪૦ | ૪૮૭ |
| ૭ | ઘઉં બંસી | ૫૬૦ | ૫૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૨ | ૬૨૦ |
| ૯ | ઘઉં લોકવન | ૫૨૨ | ૬૦૬ |
| ૧૦ | મકાઈ | ૩૦૦ | ૪૧૨ |
| ૧૧ | અડદ | ૧૬૯૨ | ૧૭૫૦ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૦૧ |
| ૧૩ | તુવેર | ૧૨૬૦ | ૧૯૪૧ |
| ૧૪ | કપાસ | ૧૦૯૦ | ૧૪૬૨ |
| ૧૫ | એરંડા | ૧૦૯૧ | ૧૧૧૨ |
| ૧૬ | રાયડો | ૭૨૧ | ૭૨૧ |
| ૧૭ | ધાણા | ૧૨૫૬ | ૧૨૫૬ |
| ૧૮ | સોયાબીન | ૮૧૭ | ૯૦૭ |
| ૧૯ | મરચા લાંબા | ૧૦૨૦ | ૩૯૮૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૧ | ૧૪૨૫ |
| ૨ | મગફળી | ૧૨૯૧ | ૧૨૯૧ |
| ૩ | ઘઉં | ૫૦૫ | ૫૦૫ |
| ૪ | તુવેર | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૫ | એરંડા | ૧૦૩૫ | ૧૦૩૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | – | ૧૨૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૮૫૧ | ૩૧૭૧ |
| ૩ | તલ કાળા | – | ૩૦૮૦ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૫ | ઘઉં લોકવન | ૪૯૧ | ૫૮૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૬ |
| ૭ | બાજરો | ૪૨૫ | ૫૧૮ |
| ૮ | અડદ | – | ૧૭૦૨ |
| ૯ | ચણા | ૧૦૦૦ | – |
| ૧૦ | સોયાબીન | ૮૭૦ | ૯૧૫ |
| ૧૧ | તુવેર | ૧૬૦૦ | ૧૯૪૦ |
| ૧૨ | ધાણા | ૧૨૦૦ | ૧૩૬૧ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૭૬ | ૧૪૬૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૮૦૧ | ૨૮૯૬ |
| ૨ | તલ કાળા | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ૩ | કપાસ | ૧૦૬૦ | ૧૪૧૫ |
| ૪ | બાજરો | ૫૦૨ | ૫૦૨ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૫ | ૬૧૫ |
| ૬ | જુવાર | ૫૩૧ | ૧૦૦૦ |
| ૭ | મકાઈ | ૪૯૮ | ૪૯૮ |
| ૮ | ધાણા | ૭૫૦ | ૭૫૦ |
| ૯ | એરંડી | ૯૩૦ | ૯૩૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૪૦ | ૧૪૧૪ |
| ૨ | મગફળી | ૧૦૧૫ | ૧૨૬૧ |
| ૩ | ઘઉં | ૫૫૦ | ૫૫૨ |
| ૪ | ચણા | ૯૧૧ | ૯૮૬ |
| ૫ | તુવેર | ૧૩૧૫ | ૧૬૮૦ |
| ૬ | મેથી | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૭ | ધાણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૮ | શીંગદાણા | ૧૪૩૫ | ૧૪૩૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૪૭૦ |
| ૨ | જીરૂ | ૩૫૩૦ | ૩૫૩૦ |
| ૩ | મગફળી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૪ | તુવેર | ૧૪૮૦ | ૧૪૮૦ |
| ૫ | બાજરો | ૩૯૦ | ૩૯૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૪૧ | ૫૪૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૮૩ |

જિલ્લા પંચાયતનાં પ્રમુખ ભરત સુતરીયાનાં અધ્યક્ષસ્થાને

# રાજુલાનાં માંડળ ખાતે PM-JANMAN કાર્યક્રમ સંપન્ન : સીદ્દી લોકોને લાભાન્વિત કરાયા

## સીદ્દી સમાજનાં કલાકારોએ પારંપારિક ધમાલ નૃત્ય રજૂ કર્યુ





અમરેલી, તા. ૧૫

સમગ્ર ભારતમાં આદિમ જૂથોના સર્વાંગી વિકાસ માટે ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય અભિયાન (PM-JANMAN) અમલમાં મૂકવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય અભિયાન (PM-JANMAN) અંતર્ગત જનજાતિ આદિમ જૂથના લોકોને વિવિધ યોજનાકીય સહાય-લાભો પહોંચાડવાની નેમ છે. ભારત સરકાર દ્વારા આદિમ જૂથોના સર્વાંગી વિકાસ માટે પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય અભિયાન (PM-JANMAN) નો દેશવ્યાપી શુભારંભ થયો હતો.

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના માંડળ ખાતે સોમવારના રોજ PM-JANMAN કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયાના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા કલેક્ટર અજય દહિયાની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના ૧૧ લાભાર્થીઓને સ્થળ પર આવાસ યોજના, પી.એમ. કિસાન યોજના, આયુષમાન કાર્ડ અને વહાલી દીકરી યોજના સહિતના વિવિધ યોજનાકીય સહાય લાભ આપવામાં આવ્યાં હતાં.

મહત્વનું છે કે, પી.એમ.જનમન કાર્યક્રમ અંતર્ગત સોમવારે માંડળ સ્થિત પ્રાથમિક શાળા ખાતે પ્રધાનમંત્રીના લાઇવ પ્રસારણનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં વડાપ્રધાનએ છત્તીસગઢ, મહારાષ્ટ્ર, ઝારખંડ, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ સહિતના રાજયોના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો અને લાભાર્થીઓને મળવા પાત્ર વિવિધ સહાય યોજનાના લાભની રકમ લાભાર્થીના બેન્ક ખાતામાં જમા કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લા ખાતે આદિમજૂથ (પીવીટીજી)-સીદ્દીની ૨૪૨ જેટલી વસ્તી હોવાનું ધ્યાને આવ્યું છે. જે અંતર્ગત ૨૫ જેટલી વિવિધ યોજનાઓનો વિવિધ વિભાગો દ્વારા સર્વે કરવામાં આવ્યો અને જોગવાઈઓ મુજબ લાભો આપવામાં આવ્યા છે.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયાએ કહ્યુ કે, જિલ્લામાં તાજેતરમાં જ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું સમાપન થયું છે. સમાજના તમામ વર્ગોનો સમાન વિકાસ થાય તેવી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની નેમ છે. આ કાર્યક્રમ દ્વારા આદિજાતિ અને ખાસ કરીને આદિમ જૂથને વિકાસની મુખ્યધારામાં જોડી અને તમામ વર્ગના વિકાસ સાથે વર્ષ-૨૦૪૭ સુધીમાં દેશને વિકસિત ભારત બનાવવાનો સંકલ્પ છે.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર અજય દહિયાએ જણાવ્યુ કે, અમરેલી જિલ્લામાં ગ્રામ્ય ઉપરાંત શહેરી વિસ્તારમાં પણ સીદી આદિમ સમુદાય વસવાટ કરે છે. વહીવટી તંત્ર દ્વારા તેમનો સંપૂર્ણ સર્વે કરાવી અને તેમને તમામ મળવાપાત્ર તમામ યોજનાઓ હેઠળ આવરી લેવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા છેલ્લા બે મહિનાથી આ અંગે સઘન પ્રયાસો કરવામાં આવ્યા હતા. છેવાડાના વિસ્તારમાં વસતા આદિમ જૂથના માનવીને પણ લાભ મળે તે આ મિશનનો મુખ્ય હેતુ છે.

કોઈ પણ નાગરિક વિકાસથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરએ લાભ મેળવવવા પાત્ર બાકી રહેતા વ્યકિતઓની અરજીઓનો સત્વરે નિકાલ કરવા સૂચના આપી હતી. સીદી સમુદાયના નવા મતદારોનું નામ મતદાર યાદીમાં સમાવેશ થાય તે સુનિશ્ચિત કરવા સૂચન કર્યુ હતું. આ સાથે ગ્રામજનોને પ્રાકૃતિક કૃષિ કરવા માટે પણ અનુરોધ કર્યો હતો અને ગાય આધારિત ખેતીના ફાયદાઓ પણ તેમણે જણાવ્યા હતા.

રાજુલા તાલુકાના માંડળ અને મોરંગી ગામના ૧૩૪ લાભાર્થીઓના આધારકાર્ડ માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવી છે. તમામ લાભાર્થીઓને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (એનએફએસએ)નો લાભ આપવામાં આવે છે. પી.એમ.કિસાન યોજનાનો લાભ પણ તેમના સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે.

કાર્યક્રમના પ્રારંભે સીદી સમુદાયના કલાકારોએ પારંપારિક ધમાલ નૃત્યની પ્રસ્તુતિ કરી હતી. જયારે શાળાની વિદ્યાર્થિનિઓ દ્વારા સ્વાગત નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

વર્ષ-૨૦૧૧ની જનગણના પ્રમાણે ભારતમાં ૭૦૦ થી વધારે આદિવાસી જાતિઓ છે. જેમાંથી ૭૫ જેટલી જાતિ આદિમજૂથમાં સમાવિષ્ટ છે. ગુજરાત રાજયમાં (૧) કાથોડી (૨) કોટવાલીયા (૩) પઢાર (૪) સીદ્દી (૫) કોલધાનો એમ ૫ આદિમજૂથ જાતિઓ સમાવિષ્ટ છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તા.૧૫ નવેમ્બર, ૨૦૨૩ (જનજાતિય ગૌરવ દિવસ)ના દિવસે આ મિશન લોન્ચ કરવામાં આવ્યું હતુ.

PM-JANMAN કાર્યક્રમ અંતર્ગત જનજાતિ આદિમજૂથના લાભાર્થીઓને આધારકાર્ડ, પી.એમ. ગરીબ કલ્યાણ અન્ન યોજના (એન.એફ.એસ.એ.), પી.એમ. ઉજ્જવલા યોજના, પી.એમ. કિસાન યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, પી.એમ. વિકર્મા યોજના, પી.એમ.જન-ધન યોજના (વીમા યોજના), સુકન્યા સમૃધ્ધિ યોજના, માતૃ વંદના યોજના, સુરક્ષિત માતૃત્વ અભિયાન જેવી વિવિધ યોજનાકીય સહાય અને લાભનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક, રાજુલા-જાફરાબાદ પ્રાંત અધિકારી, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી, જિલ્લા આરોગ્ય સર્વેલન્સ અધિકારી, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યઓ, પદાધિકારીઓ, માલમતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


## રાજકોટમાં રાષ્ટ્રીય ચિંતન પુસ્તિકાનું વિમોચન થયું

# ભારતનાં વિકાસમાં અવરોધક પરિબળોમાં વસ્તી વિસ્ફોટ : જયંત પંડયા

## દુનિયામાં ૭૦૦૦ થી વધુ ભાષાઓ અસ્તિત્વમાં છે



અમદાવાદ, તા.૧૫

રેશનલ વિચારધારાનાં પ્રચારક લેખક વિનોદ વામજાની રાષ્ટ્રીય ચિંતન પુસ્તિકાનું રાજકોટ ખાતે વિમોચન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રનાં વિકાસમાં અવરોધક અનેક પરિબળોમાં વસ્તી વિસ્ફોટની વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. લેખક વિનોદ બી. વામજાએ રાષ્ટ્રીય ચિંતન શા માટે તેની વિગતે ૧૦ મુદાઓનાં દાખલા સાથે આધાર મુકવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. દેશની પ્રગતિમાં અવરોધક પરિબળો, તેના ઉકેલની છણાવટ કરવામાં આવી છે. પુસ્તિકા રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી છે.

વિજ્ઞાન જાથા ચેરમેન - એડવોકેટ જયંત પંડયાએ પુસ્તિકાનું વિમોચન કરતાં જણાવ્યું કે દેશનાં સ્વાવલંબનમાં અનેક પરિબળો, કુદરતી સંપતિ કારણભુત હોય છે. વિશ્વમાં ૭૦૦૦ થી વધુ ભાષાઓ અસ્તિત્વમાં છે. વર્તમાન સમયે ભાષામાં વૈજ્ઞાનિક જોડણીની જરૂરીયાત છે. વિશ્વમાં એક જ ભાષા અસ્તિત્વમાં હોય તો માનવીની જીવન શૈલીમાં આમુલ પરિવર્તન આવે છે. સુખાકારીમાં અવરોધક પરિબળમાં ગરીબી, બેકારી, મોંઘવારી કારણમાં અનિયમિત વસ્તી છે. મનુષ્ય સિવાય કોઈ પ્રાણી પ્રદુષણ ફેલાવતું નથી તે કડવી વાસ્તવિકતા છે.

વધુમાં જયંત પંડયાએ જણાવ્યું કે વિશ્વમાં મૃત્યુ પછી અગ્નિ સંસ્કાર, ભૂમિ સંસ્કાર કે દફનવિધિમાં શ્રેષ્ઠ કર્યુ છે. ? તે માનવીએ વિચારીને અમલમાં મુકવાની જરૂર છે. ભારતમાં હિન્દુઓમાં અગ્નિદાહ, જલદાહ અન ભૂમિદાહ અમલમાં છે. દફત એ માત્ર મુસ્લીમ, ખીસ્તીઓની જ પદ્ધતિ નથી પરંતુ વિશ્વની અંદર પ્રવર્તમાન અમલમાં છે. વૃક્ષો વાવવાની તાતી જરૂરીયાત છે. વ્હેમ, અંધશ્રદ્ધાથી માનવીને પાયમાલી અને બરબાદી મળી છે. તેથી તેનું ચિંતન કરી વૈજ્ઞાનિક અભિગમ દ્રષ્ટિકોણ રાખવાની તાતી જરૂરીયાત છે. ચમત્કારો કઈ રીતે થાય છે. તેમાં વિજ્ઞાનનો ક્રિયાકારણનો સંબંધ, ભૌતિક વિજ્ઞાન,, રસાયણ વિજ્ઞાન, હાથચાલાકી, ગોઠવણ કારણનાં મુળમાં હોય છે. નબળા મનનાં લોકો કોઈપણ પ્રયોગ કે ઘટનાને ચમત્કારમાં દર્શાવીને માસ હિસ્ટેરીયાનાં ભોગ બને છે. તેથી જાગૃતોએ તે માટે લોકચળવળ ચલાવવાની તાતી જરૂરિયાત છે. દેશની વિવિધ સંસ્થાઓ ભારતની પ્રગતિ માટે વાસ્તવિક કામગીરી કરવાની જરૂર છે. ભારતમાં ધર્મનું વર્ચસ્વ સર્વાંગી ક્ષેત્રે જોવા મળે છે. ધાર્મિક નેતાઓ વિજ્ઞાનને બાજુએ રાખી અને ધર્મને પ્રથમ ક્રમાંક આપે છે. પરંતુ વિજ્ઞાનથી જ ધર્મની પ્રગતિ થઈ છે. તે કડવી વાસ્તવિકતા છે. કોઈપણ રાષ્ટ્રની પ્રગતિનો આધાર વૈજ્ઞાનિક મિજાજ, પુરૂષાર્થ અને રાષ્ટ્રવાદનાં કારણે હોય છે.

લેખક વિનોદ બી. વામજા રાષ્ટ્રીય ચિંતન પુસ્તિકાનાં વિચારોનાં અભિપ્રાય માટો મો.૯૭૩૨૯ ૫૯૭૨૦ ઉપર સંપર્ક કરી શકે છે.

આગામી ૨ ફેબ્રુ.નાં રોજ નવા ગીરીયા ખાતે

# પ.પૂ. ૧૦૦૮ જગદ્‌ગુરૂ શ્રી રામાનંદાચાર્યજીનાં ૭૨૪માં જન્મોત્સવની ઉજવણી કરાશે

## શહેર રામાનંદી સાધુ સમાજ દ્વારા તડામાર તૈયારીઓ

અમરેલી, તા. ૧૫

અમરેલી શહેર રામાનંદી સાધુ સમાજ દ્વારા આગામી તા. ૨/૨/૨૦૨૪, શુક્રવારનાં રોજ પ.પૂ. ૧૦૦૮ જગતગુરૂ શ્રી રામાનંદાચાર્યજીનો ૭૨૪મો જન્મ મહોત્વ ભવ્યાતી ભવ્ય રીતે રામમનોહર દાસ બાપુના આશ્રમ(જાગૃત હનુમાન મંદિર) ચિત્તલ રોડ, નવા ગીરીયા ખાતે ઉજવાશે. આ જન્મ મહોત્સવમાં મહાપ્રસાદનાં મુખ્ય દાતા મહંત રામ મનોહરદાસ બાપુ(જાગૃત હનુમાન મંદિર) નવા ગીરીયા તથા પ્રભુદાસ બાપુ વિહાઆપાની જગ્યા ચિતલ રહેશે.

આ કાર્યક્રમ તા. ૨/૨/૨૦૨૪ને શુક્રવારનાં રોજ સાંજે ૫:૦૦ કલાકે ઉપરનાં સ્થળે ઉજવાશે. આ કાર્યક્રમમાં ગુરૂજીનું પુજન અર્ચન પધારેલા આમંત્રિત સંતો/મહેમાનો/મહાનુભાવોનું સ્વાગત સન્માન તેજસ્વી તારલા તથા સેવા નિવૃતિ બદલ સન્માન તથા આજીવન વાર્ષિક ફીનાં સભ્યોને સ્મૃતિ ભેટ તથા કાર્યક્રમનાં અંતે મહાપ્રસાદનું આયોજન કરેલ છે.

આ કાર્યક્રમ અમરેલી શહેર રામાનંદી સાધુ સમાજની નવી યુવા ટીમ તથા મહંત રામ મનોહરદાસ બાપુનાં માર્ગદર્શન / સહકારથી ઉજવાઈ રહ્યો હોઈ જ્ઞાતિજનો સહ પરિવાર તથા આમંત્રિત મહાનુભાવો/મહેમાનોને તથા પૂ. સંતોને પધારવા દાતાઓ તથા અમરેલી શહેર મંડળ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવે છે. એમ મહામંત્રી જીતુભાઈ એમ. ચરણદાસની યાદીમાં જણાવાયું છે.

કેન્દ્રીયમંત્રી પરશોત્તમભાઈ રૂપાલાએ વિગતો આપી

# અમરેલી જિલ્લામાં ''સાંસદ ખેલ સ્પર્ધા'' અને ''સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા'' યોજાશે

## કલાકારોને તેમની સુષુપ્ત શકિતઓને વિકસાવવાની તક મળશે



અમરેલી, તા.૧૫

ભારત સરકારના મત્સ્યપાલન, પશુપાલન તથા ડેરી વિભાગના કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલાએ અમરેલી ખાતે પ્રેસ કોન્ફરન્સને સંબોધી હતી. મંત્રીએ અમરેલી જિલ્લામાં યોજાનાર ''સાંસદ ખેલ સ્પર્ધા'' અને 'સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા' વિશે વિગતો આપી હતી.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યુ કે, અમરેલી જિલ્લાના રમતવીરો માટે વિવિધ રમતોમાં અલગ-અલગ વયજૂથ માટે તાલુકા કક્ષાએ સાંસદ ખેલ સ્પર્ધા યોજાશે. તાલુકાકક્ષાની આ સ્પર્ધાઓ પૂર્ણ થયેથી અમરેલી જિલ્લાકક્ષાએ સ્પર્ધા યોજાશે. વિવિધ સ્પર્ધાઓના જિલ્લાકક્ષાના વિજેતા ખેલાડીઓને મંત્રી તથા મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવશે.

અમરેલી જિલ્લાના રમતવીરો માટે પ્રથમ વખત યોજાઈ રહેલા આ સાસંદ ખેલ સ્પર્ધામાં અમરેલી જિલ્લાના વધુમાં વધુ રમતવીરો ભાગ લે તે માટે જિલ્લા રમત વિકાસ અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, કચેરી અમરેલી દ્વારા વિશેષ આયોજન કરી તાલુકાદીઠ કન્વીનરની નિમણુક કરવામાં આવી છે.

તાલુકાકક્ષાએ આગામી તા.૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ થી તા.૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી ફોર્મ ભરવા અંગેની કામગીરી શરૂ રહેશે. ફેબ્રુઆરી-૨૦૨૪ દરમિયાન તા.૧૫મીએ સાંસદ ખેલ સ્પર્ધા અમરેલી તાલુકા કક્ષાની સ્પર્ધાઓનો ભવ્ય શુભારંભ થશે અને જિલ્લાકક્ષાની સ્પર્ધાઓ તા.૨૦મીથી યોજાશે, જેમાં કબડ્ડી, વોલીબોલ, ખો-ખો, ચેસ, રસ્સા ખેંચ, યોગાસન સહિતનો સમાવેશ થાય છે.

સાંસદ ખેલ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ્ય અમરેલી જિલ્લાના રમતવીરોમાં રહેલા સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા, ખેલકૂદની પ્રતિભાઓ શોધી તેમને યોગ્ય તક આપવા માટે તથા રમતવીરોના સર્વાંગી વિકાસ અર્થે સમગ્ર અમરેલી જિલ્લામાં રમતગમતના વાતાવરણનું નિર્માણ કરવાનો છે. આ સાંસદ ખેલ સ્પર્ધામાં રમતવીરો બહોળી સંખ્યામાં ભાગ લે તે હેતુથી અમરેલી જિલ્લામા સૌ પ્રથમ તમામ તાલુકાકક્ષાએ વિવિધ ૭ રમતોનું અલગ અલગ ૨ (બે) વયજૂથમાં આયોજન છે. તાલુકાકક્ષાએ વિવિધ વયજૂથ મુજબ પ્રથમ ક્રમ મેળવનાર વિજેતા રમતવીરો વચ્ચે જિલ્લાકક્ષાએ ૭ રમતોનું આયોજન થશે, તેમ મંત્રીએ ઉમેર્યુ હતુ.

વધુમાં મંત્રીએ કહ્યુ કે, 'સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા'માં બહોળી સંખ્યામાં કલાકારો ભાગ લે તેમને માધ્યમ મળી રહે તે ઉદ્દેશ્ય સાથે વિવિધ ૨૧ સાંસ્કૃતિક સ્પર્ધાઓ ત્રણ વયજૂથમાં યોજવામાં આવશે. ગરબા, રાસ, સમૂહગીત, ભજન, લોકગીત, લગ્નગીત, સુગમ સંગીત, લોકવાર્તા, દુહા, છંદ, ચોપાઈ, તબલા, હાર્મોનિયમ, શાસ્ત્રીય નૃત્ય, ધોળ, હાલરડા, શરણાઈ, મંજીરા, રામસાગર, બેન્જો, ઢોલ(લોકવાદ્ય), પ્રભાતિયા, વાંસળી સહિતનો સમાવેશ કરાવમાં આવ્યો છે. તાલુકા કક્ષાએ કન્વીનરની નિમણુક કરવામાં આવી છે. આગામી તા.૨૧ જાન્યુઆરી, ૨૦૨૪ થી શરૂ કરી તા.૨૪ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં આ સ્પર્ધાઓ પૂર્ણ કરવામાં આવશે.

મંત્રી રૂપાલાએ તેમની સાગર પરિક્રમા યાત્રાના અનુભવો જણાવ્યા હતા. પત્રકાર પરિષદમાં સાસંદ નારણભાઈ કાછડીયા, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, ઈફકોના ચેરમેન અને પૂર્વ મંત્રી દિલીપભાઈ સંઘાણી, મહાનુભાવો અને વિવિધક્ષેત્રના અગ્રણીઓ અને પત્રકારો સહિતના ઉપસ્થિત રહ્યા હતાં.

અંશાવતાર દાનમહારાજની પવિત્ર ભૂમિ

# ચલાલાનાં મહાદેવપરામાં આધુનિક ચબુતરો અને પ્રાણીઓ માટે અવેડાનો પ્રારંભ


## દાતાઓએ સેવાકાર્યમાં ખુલ્લા મને મદદ કરી




ચલાલા, તા. ૧૫

અંશાઅવતાર દાન મહારાજનાં પુણ્ય પ્રતાપે દાનમહારાજની પાવન તપોભૂમિ ચલાલા શહેરમાં અનેકવિધ સેવાનાં સદકાર્ય હરહંમેશ થતાં જ રહે છે. ત્યારે કોઈ પણ સેવાકાર્યમાં હરહંમેશ તત્પર રહેનારા મહાદેવ પરા વિસ્તારમાં બાપા સીતારામ ની મઢુલી પાસે અબોલ અને વગર જોળીનાં ભીક્ષુક અને સદાય કરૂણાનાં પાત્ર સમાન પક્ષીઓ માટે કાયમી સદાવ્રત એટલે અધ્યતન ચબૂતરો અને અબોલ મુંગા પશુઓને કાયમી શીતળ જળ ની વ્યવસ્થા માટે અવેડાનું દાતાઓનાં દાનથી તથા અનેક નામી અનામી સેવાભાવીઓએ તન, મન, ધનથી સહકાર આપતાં હજારો પશુપક્ષીઓને કાયમી અન્નજળ અને પક્ષીઓને કાયમી સુરક્ષિત રહેઠાણ મળી રહે તેવાં પાવન હેતુથી આ બનેલ અદ્યતન ચબૂતરો પક્ષીઘર તથા અવેડાનું મકરસંક્રાંતિનાં પાવન પર્વે મૂકબધિર ચંદુભાઈ ખુટનાં વરદ હસ્તે તથા મહાદેવ પરા વિસ્તારનાં દરેક શ્રેષ્ઠીઓની પ્રેરક ઉપસ્થિતિમાં આપણી પૌરાણિક પરંપરા મુજબ ઉતરાયણનાં પાવન દિવસે આખાં વર્ષનો વરતારો એવાં ખીહર પટળ વાંચી સેવાકાર્યનો મંગલ પ્રારંભ કરેલ. ત્યારે આજનાં કળીયુગના ભૌતિક અને આધુનિક યુગમાં પણ આવો પાવન પરમાર્થનાં કાર્ય કરવાનો વિચાર અને સેવાકાર્યમાં જહેમત ઉઠાવવી મહાદેવપરા વિસ્તારમાં થયેલા આ ભાગીરથ નિઃસ્વાર્થ સેવાકાર્ય સંપન્ન થયું અને જેનો મંગલ પ્રારંભ થયો એ પાવન પરમાર્થનું યુવાનો દાતાઓ તથા સૌ કોઈ નામી અનામી સેવાભાવી માનવીઓની તન, મન અને ધનથી આ સેવાકાર્ય કાર્ય એ દયા ધરમ કાં મુલ્ય હૈ પાપ મુલ અભિમાન તુલસી દયા ન છોડીએ જબ લગ ઘટ મેં પ્રાણ આ રામાયણની ચોપાઈને સાર્થક કરે છે. તેવી અખબારી યાદી માં રમેશભાઈ (દકુભાઇ) ખુંટ જણાવે છે.

# અમરેલી જીલ્લાના ૪૦ મંત્રી/મેનેજરોએ દ્વારા ન્યુ દિલ્હી ખાતે પ્રધાનમંત્રી સંગ્રહાલયની મુલાકાત લીધી










ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘના સહયોગથી અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જીલ્લાના ૪૦ મંત્રી મેનેજરો ન્યુ દિલ્હી ખાતે લીડરશીપ તાલીમ માટે ગયા ત્યારે જે દરમિયાન યુવા નેતા મનીષ સંઘાણી સહિત અમરેલી જીલ્લાના ૪૦ મંત્રી મેનેજરો દ્વારા ન્યુ દિલ્હી ખાતે આવેલ પ્રધાનમંત્રી સંગ્રાહાલયની મુલાકાત લીધી હતી જે દરમિયાન દેશ આઝાદ થયો ત્યારના વડાપ્રધાનથી માંડીને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધીના જીવન ચરિત્રો તેમજ અદ્ભુત ટેકનોલોજીના માધ્યમથી ભારત દર્શન અને દેશમાં થઈ ગયેલ. તમામ પ્રધાનમંત્રીઓ સાથે ટેકનોલોજીના માધ્યમથી રૂબરૂ કરાવતું સંગ્રાહાલય નિહાળ્યું હતું.

## મકરસંક્રાતિ પર્વે પતંગ ચગાવતી વખતે ફિલ્મી ગીતોને બદલે ધાર્મિક ગીતોની જમાવટ

# અમરેલી જિલ્લામાં પતંગ રસિયાઓએ 'રામ આયેંગે આયેંગે આયેંગેની ધુમ મચાવી'

**સામાન્ય રીતે મકરસંક્રાતિ પર્વે અવનવા ફિલ્મી ગીતો અને "કાપ્યો છે કાપ્યો છે"નાં નારા લાગતા હોય તેને બદલે સૌ કોઈ રામનાં રંગે રંગાયા**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૨ જાન્યુઆરીએ દિવાળી ઉજવવાનું આહ્વાન કર્યુ હોય સૌ કોઈ અઠવાડીયા પહેલા તૈયાર થઈ ગયા**

**અમરેલી જિલ્લામાં મકરસંક્રાતિ પર્વની ઉજવણીમાં પૂણ્યશાળીઓએ દાનની ઝોળી પણ છલકાવી દીધી**

**પુરતા પ્રમાણમાં પવન, ચોખ્ખુ વાતાવરણ હોય પતંગ રસિયાઓએ મનભરીને મજા લૂંટી**

અમરેલી, તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મનની વાત દેશના લોકો સીધી દિલ પર જીલી લે છે અને મોદીએ કહ્યું કે ૨૨ જાન્યુઆરીના રોજ દિવાળી ઉજવો. ત્યારે આપણો સૌથી મોટો તહેવાર છે એ લોકોએ તેને વધાવી લીધુ છે અને ગઈકાલે ઉત્તરાયણ હતી આપણી કાઠીયાવાડી ભાષામાં તેને ખિહર કહે છે. પણ વડાપ્રધાન મોદીનો પ્રભાવ કેટલો હતો કે, મકરસંક્રાંતિ ઉપર બોલીવુડના ગીતો સાથે પતંગો ચગાવવાનો અવસર આ વર્ષે હવે રામમય અવસર થયો હોય તેમ અમરેલી જિલ્લાની મોટાભાગની છત, અગાસી, ધાબા ઉપર 'રામ આયેંગે આયેંગે આયેંગે' વાગી રહ્યું હતું.

આમ તો સામાન્ય રીતે ઉતરાયણમાં બોલીવુડના ગીતો ઉપર પતંગ રસિયાઓ 'કાઈપો છે' ના નાદ સાથે ચીસાચીસો કરતા હોય, પ્રથમ વખત એવું જોવા મળ્યું કે ઉત્તરાયણના દિવસે દરેક અગાશી પર ડીજે, સ્ટીરીયો, ટેપ વગેરે લગાવી ફિલ્મી

(અનુસંધાન પાના ૬ ઉપર)



## બાઈક પર ચલાલાથી ધારી જતાં હોય ધારીનાં છતડીયા ગામનાં પાટીયા નજીક માર્ગ અકસ્માતમાં યુવકને ઈજા

**ઈજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડાયા**



અમરેલી, તા. ૧૫

ચલાલાથી ધારી તરફ બાઈક પર જતાં યુવકને માર્ગ અકસ્માતમાં ગંભીર ઈજા થતાં સારવારમાં ખસેડાયા છે.

વિગત એવા પ્રકારની છે કે, સાવરકુંડલાનાં કરજાળા ગામનાં કિશન મુકેશભાઈ રાઠોડ, (ઉ.વ. ૩૦) નામનાં યુવક ચલાલાથી ધારી જતાં હોય છતડીયાનાં પાટિયા નજીક અકસ્માત થતાં યુવકને અમરેલી ખાતે સારવારમાં ખસેડવામાં આવેલ છે.



























*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)